નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper


એપ્રિલ માસ પૂર્ણ થવા છતાં ખાંડ, ચણા, તુવેરદાળનો જથ્થો નહીં મળતા દુકાનો પર કકળાટ

એપ્રિલ માસ પૂર્ણ થવા છતાં ખાંડ, ચણા, તુવેરદાળનો જથ્થો નહીં મળતા દુકાનો પર કકળાટ

જુઓ પેજ નં.૦૫


માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date :26 APRIL 2024 I FRIDAY I Page : 17 I Year : 2 I Issue : 23 I Price: 2/-

# સુરક્ષા રેટીંગમાં ભારતીય મોટરોનું નબળુ પ્રદર્શન

## મહિન્દ્રા બોલેરો નિયોને GNCAP ટેસ્ટમાં એક સ્ટાર રેટિંગ અને Honda Amazeને બે સ્ટાર રેટિંગ મળ્યું

નવી દિલ્હીઃ ભારતમાં બનેલી કારને સેફ્ટી રેટિંગ આપતી સંસ્થા ગ્લોબલ ગઈઅકના લેટેસ્ટ ટેસ્ટમાં દેશમાં બનેલી કારને ફરી એકવાર ખરાબ રેટિંગ મળ્યું છે. બુધવારે જાહેર થયેલા GNCAP પરિણામોમાં, મહિન્દ્રાની લોકપ્રિય જગટ SUV Bolero Neoને એડલ્ટ સેફટીમાં માત્ર એક સ્ટાર આપવામાં આવ્યો છે.

જયારે Honda ની કોમ્પેક્ટ સેડાન Amaze ને બે સ્ટારનું રેટિંગ મળ્યું છે. કિયાની કારને પણ પ્રથમ ટેસ્ટમાં ઝીરો રેટિંગ મળ્યું હતું પરંતુ કેટલાક ફેરફારો બાદ તેને બીજા ટેસ્ટમાં ત્રણ સ્ટાર મળ્યા હતા. સુરક્ષા માટે વધુ કાળજી લેવાની જરૂર છે.



તાજેતરના ભૂતકાળમાં જે રીતે ટાટા, મહિન્દ્રા, ફોક્સવેગન અને સ્કોડા જેવી કંપનીઓની કારોને ૫ સ્ટાર રેટિંગ મળી રહ્યા છે, ત્યારે આવા પરિણામો થોડા નિરાશાજનક છે અને તે દર્શાવે છે કે હાલમાં કારની સુરક્ષાના સંદર્ભમાં ઓટોમોબાઈલ ઘણી ખરાબ સ્થિતિમાં છે કંપનીઓ દ્વારા સુરક્ષા માટે વધુ કાળજી લેવાની જરૂર છે.

ગ્લોબલ NCAP તરફથી કોઈપણ વાહન વધુમાં વધુ પાંચ સ્ટાર આપવામાં આવ્યા છે જયારે સૌથી વધુ અસુરક્ષિત જોવા મળતા વાહનોને ઝીરો સ્ટાર મળે છે. એડલ્ટના સિવાય વૈશ્વિક NCAP એ બાળકોની સુરક્ષા માટે રેટિંગ પણ જારી કરે છે. બોલેરો નિયોને પણ કારમાં બેઠેલા બાળકોની સુરક્ષા માટે પાંચમાંથી માત્ર એક સ્ટાર મળ્યો છે.

તેવી જ રીતે, Honda Amaze ને બાળ સુરક્ષામાં શૂન્ય રેટિંગ મળ્યું છે જે ખૂબ જ નબળું પ્રદર્શન છે. જો કે, બીજા ટેસ્ટમાં કિઆની કારે ચાઈલ્ડ સેફ્ટીમાં સારૂ પ્રદર્શન કર્યું છે અને તેને ફાઈવ સ્ટારનું રેટિંગ મળ્યું છે.

# મોદી-રાહુલની સ્પીચ પર ચૂંટણીપંચની નોટિસ, ભાષણમાં નફરત ફેલાવવાનો આરોપ

## આચારસંહિતા ભંગના આરોપમાં પંચે ભાજપ અને કોંગ્રેસને નોટિસ મોકલીને જવાબ માગ્યો

- **BJP-કોંગ્રેસ પાસેથી જવાબ માગ્યાઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના નિવેદનો પર વાંધો ઉઠાવ્યા બાદ ચૂંટણી પંચે સંજ્ઞાન લીધું**

નવી દિલ્હી, તા. ૨૫ઃ ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોએ એકબીજાના વરિષ્ઠ નેતાઓ પર ધર્મ, જાતિ, સમુદાય અને ભાષાના આધારે નફરત અને ભાગલા પાડવાનો આરોપ લગાવ્યો છે. બંને પક્ષોને ૨૯ એપ્રિલના રોજ સવારે ૧૧ વાગ્યા સુધીમાં જવાબ દાખલ કરવા સૂચના આપવામાં આવી છે.

**ચૂંટણી પંચની બે ટિપ્પણી**




૧. ચૂંટણી પંચે બંને પક્ષોના પ્રમુખોને જનપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૭૭ હેઠળ જવાબ આપવા કહ્યું છે. તમને જણાવી દઈએ કે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પીએમ મોદી પર આરોપ લગાવ્યો હતો અને બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડાએ રાહુલ ગાંધી પર આચારસંહિતા ભંગનો આરોપ લગાવ્યો હતો.

૨. પંચનું કહેવું છે કે રાજકીય પક્ષોએ તેમના ઉમેદવારો, ખાસ કરીને સ્ટાર પ્રચારકોના વર્તનની સંપૂર્ણ જવાબદારી લેવી પડશે. ઉચ્ચ હોદ્દા પર બેઠેલા નેતાઓના ભાષણો વધુ ગંભીર પરિણામો લાવી શકે છે.

**મોદી અને રાહુલ સામે ફરિયાદ**

**ભાજપની ફરિયાદઃ** પાર્ટીએ સોમવારે ચૂંટણી પંચને કહ્યું કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દેશમાં ગરીબી વધવાના ખોટા દાવા કરી રહ્યા છે. ભાષાના આધારે દેશને ઉત્તર-દક્ષિણમાં વહેંચવામાં આવી રહ્યો છે. તેમની સામે કડક કાર્યવાહી થવી જોઈએ.

**કોંગ્રેસની ફરિયાદઃ** પાર્ટીએ 'સંપત્તિની વહેંચણી' પર પીએમ મોદીના નિવેદન પર કાર્યવાહી કરવા માટે સોમવારે પંચને ફરિયાદ કરી હતી. કોંગ્રેસે આ નિવેદનને વિભાજનકારી, ખરાબ ઈચ્છાથી ભરેલું અને ચોક્કસ સમુદાયને નિશાન બનાવનાર ગણાવ્યું હતું.



## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# મોસમ પરિવર્તનનું ચક્ર



ભારતના એકલાની વાત નથી, આખી દુનિયામાં મોસમ પરિવર્તનનું ચક્ર ચાલી રહ્યું છે. ઋતુઓની નવેસરથી ગોઠવણ થવાની હોય એવું લાગે છે. હજારો વર્ષો પહેલા પશ્ચિમના દેશો પાસે પણ આપણા જેવી છ ઋતુઓનું વૈવિધ્ય હતું. હવે પશ્ચિમ ઉપર સમર અને વિન્ટરનું પ્રભુત્વ આવી ગયું છે. આપણે ત્યાં હવે હેમંત અને શિશિર - આ બંને ઋતુ વચ્ચે બહુ તફાવત રહ્યો નથી. એ જ રીતે વસંત અને ગ્રીષ્મ વચ્ચે પણ તફાવત નથી. છેલ્લા ચાર પાંચ વર્ષથી તો વસંતના વાયરા પહેલા જ સીધા જ ગ્રીષ્મ ઋતુના ઉષ્ણ પવનો શરૂ થઈ જાય છે. વિવિધ મોસમ પૃથ્વીના પ્રવર્તમાન પર્યાવરણ ઉપર આધારિત છે. કુદરતના પરસ્પરાવલંબિત વાતાયનમાંથી જ એ ઘડાય છે. આપણે જેની બિલકુલ દરકાર રાખી જ નથી એ પ્રકૃતિ હવે રંગ બદલી રહી છે.

લાખો વનસ્પતિઓ એવી છે જે છેલ્લા દસ વરસમાં નામશેષ થઈ ગઈ છે. હજુ વિનાશનો એ ક્રમ ચાલુ જ છે. કેટલીક ઔષધીય વનસ્પતિ ચન્દ્રવંશી હોય છે. એ ચન્દ્રમાંથી વિશેષ પોષણ મેળવે છે. હવે એવી વનસ્પતિઓ પણ લુપ્ત થવા આવી છે. મનુષ્યના ભોગવાદી અભિગમથી કુદરતના વૈભવને આંચ આવી છે. એના પ્રત્યાઘાત રૂપે જ મહામારી અને અરાજકતા છવાઈ જાય છે. દુનિયાના કોઈ પણ દેશના સામાન્ય મનુષ્યને પર્યાવરણ અંગે કોઈ જાગૃતિ કે રસ નથી એ હકીકત છે. માણસ જાતને પર્યાવરણ અંગે જગાડવા માટે અગાઉ ઢોલ નગારાં બહુ વગાડવામાં આવ્યા છે પણ એનું પરિણામ સાવ નહિવત્ છે.

કુદરતનો ક્રમ બદલાયેલો છે. બહુ બારીક નજરે જોશો તો ખ્યાલ આવશે કે કેટલાક વૃક્ષો કોઈ પણ કારણ વિના સૂકાઈ ગયા છે, જાણે કે બળી ગયા ન હોય! ગુજરાતનાં જંગલોમાં થોડા થોડા અંતરે વૃક્ષ સૂકાઈ ગયેલા જોવા મળે છે. આમ થવાનું રહસ્ય કોઈ જાણતું નથી. આ એક નોટિસ છે. જો મનુષ્ય એને ધ્યાનમાં નહીં લે તો કુદરત વધુ કોપાયમાન થઈ શકે છે. એકવીસમી સદીનો આ ત્રીજો દાયકો ચાલુ થયો ત્યારથી આખી પૃથ્વી પર પ્રાકૃતિક ઉત્પાત જોવા મળે છે.

તમામ મોસમ વેરવિખેર થઈ ગઈ છે. મોસમનો મૂળ સ્વભાવ અને ચરિત્ર વિચ્છિન્ન થઈ ગયા છે. ઈ. સ. ૨૦૨૦ના નવા દાયકાની શરૂઆત જ હજારો-લાખો એકરના સળગતાં જંગલો વચ્ચે થઈ હતી. પચાસ હજાર ચોરસ કિલોમીટરની આગથી થયેલા નુકસાનનો હિસાબ કરતા ઓસ્ટ્રેલિયન સરકારને એક વરસ લાગ્યું હતું. સહેજ પણ ચિંતા વિના લોકો જિંદગી પસાર કરે છે. જે ચિંતા છે તે પોતાની અંગત છે. પર્યાવરણની નથી. ગ્લોબલ વોર્મિંગનો તો અર્થ જ એ છે કે ખૂબ જ ઠંડી અને અસહ્ય ગરમી. અત્યારે અરબી સમુદ્ર પર જે ઝંઝાવાતે આકાર લીધો છે એની દિશા સતત ફરતી રહી છે. અણધારી આપત્તિનો આ અણસાર છે. આગાહીઓ ઉપરાઉપરી ખોટી પડી રહી છે. મોસમનો આહલાદ હવે બધા માણી શકે એમ નથી. કુદરતે તેના તમામ સર્જનોમાં મનુષ્યને મુઠી ઉંચેરુ સ્થાન આપતાં તેને બુદ્ધિરૂપી વિશેષતા બક્ષી છે. આ જ બુદ્ધિને બળે મનુષ્ય પોતાને માટે, કુદરતનાં તમામ સર્જનોને માત્ર ને માત્ર પોતાની ભૌતિક સુખ-સુવિધાના સાધનો જ માનતો આવ્યો છે. તેને વિના મૂલ્યે મળેલી અમૂલ્ય પ્રાકૃતિક સંપદાના વપરાશમાં તે કોઈ પ્રમાણભાન જાળવી શક્યો નથી.

જેના કારણે કુદરતનું જે ચક્ર અત્યાર સુધી એક મંથર ગતિએ ચાલી રહ્યું હતું, તેમાં હવે થોડા થોડા અંતરાયો આવવા માંડ્યા છે. રૌદ્ર એ પણ કુદરતનું એક સ્વરૂપ છે. પોષતું તે જ મારતું એવું બ્રહ્મ-સનાતન સત્ય જાણે આવનારા ભવિષ્યની વાસ્તવિકતા બનીને આજે સમસ્ત માનવ સમાજની સામે આવીને ઉભું છે. જે પ્રકારે ઘરવપરાશના યંત્રોની પણ સમયાંતરે જાળવણી કરવામાં ન આવે તો, જે સ્થિતિ સર્જાય છે, તેવી જ સ્થિતિ હાલ વૈશ્વિક વાતાવરણમાં જોવા મળી રહી છે.

**માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ ગોંડલ તથા કેનેડા ના દાતાશ્રી ના સહયોગી દ્વારા**

# ઉનાળાના ધોમધખતા તાપ માં નાના બાળકો ને ચપ્પલ નું વિતરણ કરવામાં આવ્યું





ગોંડલ શહેર ની સેવાભાવી સંસ્થા માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ ગોંડલ દ્વારા ઉનાળાના દિવસોમાં ધોમધખતા તાપમાં નાના બાળકો ને ચપ્પલ નું વિતરણ કરવામાં આવ્યું હતું ઉનાળાની ઋતુમાં તાપમાં વગર ચપ્પલ બહાર નીકળવું અત્યંત અઘરૂં હોય છે ત્યારે માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ ગોંડલ ની ટીમ દ્વારા ધોમધખતા તાપમાં માનવંતા હુંફ આપવા માટે નાના બાળકો તથા વૃધ્ધો ને ચપ્પલ નું વિતરણ કરીને ઝુંપડપટ્ટી ના બાળકો, બાલમંદિર ના બાળકો તથા વૃધ્ધો ના મોઢા ઉપર સ્મિત લાવવા નો પ્રયાસ કરવામાં આવ્યો હતો. માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ ગોંડલ ટીમ દ્વારા ગોંડલ શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં ફરી ને ઝુંપડપટ્ટી તથા બાલમંદિર ના નાના બાળકો ને ચપ્પલ નું વિતરણ કરી માનવંતા ની મહેક પ્રસરાવી હતી આવી આકરી ગરમીમાં ઝુંપડપટ્ટી ના તથા બાલમંદિર ના બાળકો તથા વૃધ્ધો ને ચપ્પલ વિનાના હતા તેવા બાળકો તથા વૃધ્ધો ને ચપ્પલનું વિતરણ કરવામાં આવ્યા હતા. ચપ્પલ પહેરીને બાળકોના તથા વૃધ્ધોના ચહેરા પર જે ખુશી હતી તેઓને ગરમી થી રાહત થઈ હતી.

# અગાઉ દારૂ- જુગારના ગુનામાં પકડાયેલ સમીર સુમરા દેશી તમંચા સાથે ઝડપાયો

રાજકોટ રૂરલ એસઓજીની ટીમે અગાઉ દારૂ - જુગારના ગુનામાં પકડાયેલ સમીર ઉર્ફે સમલો અકબર સુમરા (ઉ.વ.૨૪, રહે. વોરા કોટડા રોડ, ચિસ્તીયા મસ્જિદ પાસે, ગોંડલ) દેશી તમંચા સાથે ઝડપાયો હતો.

રાજકોટ રેન્જના આઈજી અશોકકુમાર યાદવ, રાજકોટ ગ્રામ્ય જિલ્લાના નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડ દ્વારા ગેર કાયેદસર હથિયારો રાખતા શખ્સો ઉપર કડક કાર્યવાહી કરવા સુચના કરેલ હોય જે અન્વયે રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી.શાખાનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. દરમિયાન બાતમી મળતા ગોંડલ મોવિયા રોડ ઉપર આવેલ રૂપાવટી ગામ તરફ જવાના રસ્તાના નાકા ઉપર વોચ ગોઠવી સમીરને પકડી પાડી રૂ.૫૦૦૦ની કિંમતની દેશી રિવોલ્વર કબ્જે કરાઈ હતી.

આ કામગીરી રાજકોટ રૂરલ એસઓજી પીઆઈ એફ.એ.પારગી, પીએસઆઈ બી.સી.મિયાત્રા, એએસઆઈ અતુલભાઈ ડાભી, જયવિરસિંહ રાણા, સંજયભાઈ નિરંજની, હેડ કોન્સ્ટેબલ ભગીરથસિંહ જાડેજા, અરવિંદભાઈ દાફડા, હિતેષભાઈ અગ્રાવત, અમિતભાઈ કનેરીયા, વિજયભાઈ વેગડ, કોન્સ્ટેબલ શિવરાજભાઈ ખાચર, વિજયગીરી ગૌસ્વામી, રઘુભાઈ ઘેડ, ચિરાગભાઈ કોઠીવાર દ્વારા કરવામાં આવી હતી.

# આમ ગાડી ચલાવાય, પાછળ ભટકાઈ જાત તો કહીં હેડ કોન્સ્ટેબલની ફરજમાં રૂકાવટ

બનાવ અંગે એ.ડિવિજન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ જયવીરસિંહ ઉદેસિંહ ઝાલાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તે ગઈકાલે સાંજના એ.સી.પી પુર્વ વિભાગની સરકારી બોલેરો ગાડી ગોંડલ રોડ પર આવેલ જે.કે મોટર્સમા સર્વીસમા મુકેલ હોય તે ગાડી સર્વીસ થઈ જતા સરકારી બોલેરો લઈને પોલીસ હેડ કવાર્ટર એમ.ટી વિભાગ ખાતે જતાં હતાં. ત્યારે રસ્તામાં ટાગોર રોડ ઉપર હેમુ ગઢવી હોલ પાસે પહોચતાં બોલરો ગાડી આગળ એક એકસેસ ચાલકે સાઈડમા આવી કહેલ કે, ગાડી સાઈડમા ઉભી રાખતો જેથી તેઓએ સરકારી બોલેરો સાઈડમા ઉભી રાખતા આરોપીએ કહેલ કે, આ રીતે ગાડી કેમ ચલાવો છો અને તમારી ગાડીમાં અધીકારી નથી તેમ છતા ખાલી ગાડી લઈને કેમ જાવ છો તેમ કહેતાં તેઓએ કહેલ કે, હું બરાબર જ ગાડી ચલાવુ છું તમને શુ તકલીફ છે ? જેથી આરોપીએ કહેલ કે, હુ તારી ગાડી પાછળ મારુ એકસેસ ચલાવતો હોય અને તારી ગાડી પાછળ ભટકાઈ જાત તેમ કહીં ઉશ્કેરાઈ જઈ બોલાચાલી કરવા લાગેલ અને પોતાના મોબાઈલમાં ગાડીનો તેમજ મારો વીડીયો ઉતારવા લાગેલ

# છેક ગ્રામ્ય વિસ્તાર સુધી ક્ષત્રિય સમાજના વિરોધના દ્રશ્યો બાદ ચિંતા વધી






- **ક્ષત્રિય સમાજ સાથે થોડા નાના સમાજોના મત પણ સ્વીંગ થાય તો! ભાજપની ચિંતા**
- **ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ૧૪ જિલ્લાઓમાં ક્ષત્રિય ફેક્ટર મુદ્દે પ્રવાસ કર્યા બાદ હજુ ૧% પણ ડેમેજ કન્ટ્રોલ થયું હોવા અંગે કોઇ સંકેત ન મળતા ભાજપ નવો વ્યૂહ વિચારે છે**

**(સામના મિરર, સંવાદદાતા)**

રાજકોટ, તા.૨૫ઃ લોકસભા ચૂંટણીમાં તમામ ૨૬ બેઠકો પર વિજયની હેટ્રીક સર્જવા આયોજન કર્યા બાદ રાજકોટ લોકસભા બેઠક પર જે રીતે ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગેના તેના વિધાનો ભાજપ માટે ગળાની ફાંસ જેવા બની ગયા છે અને ડેમેજ કન્ટ્રોલના અત્યાર સુધીના તમામ પ્રયાસો નિષ્ફળ નિવડ્યા તે પછી પણ પક્ષે હવે સમાજને એક અલગ રીતે સંદેશો આપવાનો પ્રયાસ કર્યો છે. જેમાં પક્ષ ક્ષત્રિય સમાજને એવું કહેવા મથી રહ્યો છે કે રૂપાલાના નિવેદન સાથે પક્ષનું મોવડી મંડળ પણ સહમત નથી અને આ પ્રકારના વિધાનો થવા જોઇએ નહીં પક્ષ પણ વ્યથિત છે.

પરંતુ ક્ષત્રિય સમાજ મોટુ મન રાખે અને પરિવારની જેમ જ ભાજપ સાથે રહે તે પણ ભાજપ દિલથી ઇચ્છે છે. અત્યાર સુધી દિમાગથી ડેમેજ કન્ટ્રોલના પ્રયાસો નિષ્ફળ નિવડ્યા બાદ હવે ભાજપે ઇમોશ્નલ અપીલ આંતરીક રીતે કરવાનું શરૂ કર્યું હોય તેવું જણાવતા પક્ષના સુત્રોએ કહ્યું હતું કે રૂપાલાના નિવેદનનો બચાવ થઇ શકે નહીં અને તેમણે માફી માંગી લીધી છે.

ઉપરાંત પ્રદેશ પ્રમુખે પણ લગભગ માફીની જેમ ક્ષત્રિય સમાજને વિનંતિ કરી છે. જો કે પક્ષના ટોચના સુત્રોએ જણાવ્યું કે હજુ પણ ક્ષત્રિય સમાજમાં ૧ % ડેમેજ કન્ટ્રોલ થઇ શક્યું નથી તે વાસ્તવિક છે. ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ ૧૪ જિલ્લાઓમાં પ્રવાસ કરીને ક્ષત્રિય સમાજના અગ્રણીઓ કે જેઓ ભાજપમાં છે તેની સાથે સંવાદ કર્યો હતો. પરંતુ તેમાં પણ હજુ સુધી કોઇ સફળતા મળી નથી અને ભાજપની ચિંતા ફક્ત ક્ષત્રિય સમાજ નહીં પણ અન્ય નાના સમાજો પણ છે અને લઘુમતિઓ પણ છે. અને જો ક્ષત્રિય સમાજની સાથે આ નાના સમાજોના મત પણ સ્વીંગ થાય તો ભાજપ માટે થોડી બેઠકો પર ચિંતા થઇ શકે છે.

સૌથી મોટી બાબત એ છે કે પ્રચારના પ્રારંભે આ વિવાદ શરૂ થઇ ગયો છે અને તે શમી જશે તેવી ભાજપની જે ગણતરી હતી તે ઉંધી વળી છે અને ક્ષત્રિય સમાજના કાર્યક્રમો વધુને વધુ ઉગ્ર બની રહ્યા છે. પક્ષને અત્યાર સુધીનો કાર્યાલયના ઉદ્દઘાટનના અને પ્રચારના પ્રારંભના નાના કાર્યક્રમોમાં ક્ષત્રિય સમાજના રોષનો સામનો કરવો પડ્યો છે પરંતુ હવે પ્રચારે જ્યારે વેગ પકડ્યો છે તે સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને અન્ય ટોચના નેતાઓના પ્રવાસ ગુજરાતમાં વધશે અને તેમની સભાઓમાં કે આયોજનોમાં જો ક્ષત્રિય સમાજનો વિરોધ પ્રદર્શિત થાય તો તેનો સંદેશ સમગ્ર દેશમાં જાય તેવો ભય છે.

ઉત્તર પ્રદેશ સહિતના રાજ્યોમાં અગાઉથી જ ક્ષત્રિય સમાજ અલગથી ઓળખ ધરાવે છે તેનો અસંતોષ છે અને ગુજરાત સાથે તે જોડાઇ જાય તો તે ભાજપ માટે રાજ્ય બહાર પણ મુશ્કેલી સર્જી શકે છે. સુત્રોના જણાવ્યા મુજબ અનેક બેઠકો એવી કે જ્યાં મોટા સાથે નાના સમાજોના મતો ભાજપ માટે મહત્વના છે. ખાસ કરીને આદિવાસી બેલ્ટમાં ભાજપને કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો સારી ટકર આપી રહ્યા છે. બનાસકાંઠા, સાબરકાંઠા, ભરુચ, વલસાડ સહિતની બેઠકોમાં કોંગ્રેસના મજબૂત ઉમેદવારોના કારણે આદિવાસી મતોમાં ભાગલા પડશે અને આ ક્ષેત્રોમાં ક્ષત્રિય મતોનું પ્રમાણ પણ ઉંચુ છે.

આ ઉપરાંત લઘુમતિ મતો પણ ત્યાં એવા પ્રમાણમાં છે કે જ્યાં ભાજપ માટે મતદાન કરતાં નથી અને જો આ તમામ મતદારોનું સ્વીંગ એક સાથે થાય તો ભાજપની બેઠકો જોખમમાં મુકાઇ શકે છે. આવી જ રીતે સૌરાષ્ટ્રમાં રાજકોટ લોકસભા બેઠક પર લેઉવા-પાટીદારોના મતો ૧૦૦ ટકા ભાજપ સાથે રહેશે કે કેમ તે પણ પ્રશ્ન છે. જ્યારે જામનગરમાં પણ કોંગ્રેસ પક્ષે લેઉવા-પાટીદારને ઉમેદવાર બનાવ્યા હોવાથી ભાજપના આહિર ઉમેદવાર પૂનમબેન માડમને આ મતોથી વંચિત રહેવું પડે તેવી પણ શક્યતા છે.

જામનગરની બેઠકમાં ક્ષત્રિય મતોની સંખ્યા મોટી છે અને ભાજપે અહીં કોંગ્રેસમાંથી આવેલા પૂર્વ ધારાસભ્ય હકુભા જાડેજાને એક વખત ટીકીટ આપ્યા બાદ ૨૦૨૨માં પડતા મુક્યા અને તેના બદલે રિવાબા જાડેજાને ટીકીટ આપી હતી. હકુભાઇએ જામનગર મત ક્ષેત્રોમાં જબરુ વર્ચસ્વ ધરાવતા નેતા છે અને તેમનું રાજકારણ હવે કંઇ બાજુ જશે તે પ્રશ્ન છે. અને આ ફેક્ટર પણ જામનગર મત વિસ્તારમાં કામ કરી શકે છે.

આમ લેઉવા-પાટીદાર તથા ક્ષત્રિય મતો સાથે લઘુમતિ મતો ભળી જાય તો પ્રશ્ન સર્જાઇ શકે છે અને કોંગ્રેસે જે રીતે લેઉવા-પાટિદારને વધુ ટીકીટ આપી છે તે મેસેજ પણ આ સમાજમાં જઇ રહ્યો છે તેવું કોંગ્રેસનું માનવું છે. આમ ભાજપ ડેમેજ કન્ટ્રોલ કરવા માટે નિષ્ફળ રહ્યા બાદ હવે વધુને વધુ નાના સમાજોને પોતાની સાથે લેવા માટે પ્રયાસ કરી રહ્યો છે અને તેમાં કેટલી સફળતા મળશે તે પણ પક્ષને હજુ કોઇ આખરી સંકેત મળ્યો નથી.

**તો ક્ષત્રિય સમાજ ભવિષ્યમાં ભાજપથી પણ દૂર રહેવાનો ભય**

રાજકોટમાં જે રીતે ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે વિધાનો કરીને વિવાદ સર્જ્યો છે તે પછી હજુ સુધી કોઇ વિકલ્પ ભાજપને મળ્યો નથી. ભાજપની ચિંતા ફક્ત લોકસભા ચૂંટણીની નથી પણ ભવિષ્યની પણ છે. જે રીતે આદિવાસી વોટ બેંક કે જે એક વખત કોંગ્રેસની ગણાતી હતી ત્યાં ભાજપને પ્રવેશવામાં લાંબો સમય લાગ્યો, હજુ પણ ૧૦૦ ટકા આ સમાજ ભાજપ સાથે નથી. જ્યારે ઓબીસી સમાજને એક કરવામાં ભાજપ હાલ સફળ રહ્યો છે. જ્યારે ક્ષત્રિય સમાજ ભાજપની સાથે જ રહ્યો છે.

જો કે તે અલગ બાબત છે કે લોકસભામાં ભાજપે આ સમાજને ટીકીટ આપી નથી છેલ્લે ભાવનગરમાં રાજેન્દ્રસિંહ રાણા પછી સૌરાષ્ટ્રમાં ભાજપનો એક પણ ક્ષત્રિય સાંસદ નથી અને જે રીતે પાટીદાર અને કોળી સમુદાયને મહત્વ અપાયું છે તેટલું મહત્વ આ સમાજને અપાયું નથી અને આ વિવાદને પગલે ક્ષત્રિય સમુદાય ભાજપથી દૂર થઇ જાય તો ભવિષ્યમાં તેને પક્ષની સાથે રાખવામાં મુશ્કેલી પડે. ભાજપના ક્ષત્રિય આગેવાનો પણ તે સ્વીકારે છે.

# પુજીત રૂપાણી મેમો. ટ્રસ્ટ અને HCGના સંયુકત ઉપક્રમે શનિવારે 'કેન્સર અવેરનેસ તથા નિદાન પ્રોગ્રામ'નું આયોજન

■ **મોં, ગળું, જડબાંના કેન્સરનું કરાશે નિદાનઃ કેન્સર નિષ્ણાંત ડો.દુષ્યંત માંડલીક સેવા આપશે**

રાજકોટ, તા. ૨૫ઃ શહેરના જરૂરીયાતમંદ નાગરિકોના આરોગ્ય, શિક્ષણ તેમજ સામાજીક વિકાસ ક્ષેત્રે છેલ્લા ૨૪ વર્ષથી કાર્યરત પુજીત રૂપાણી મેમો. ટ્રસ્ટ, રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન તથા અમદાવાદ સ્થિત ગજરાતની નામાંકિત આસ્થા ઓન્કોલોજી એસોસિએટસ હેલ્થ કેર ગ્લોબલ (HCG)ના સંયુકત ઉપક્રમે છેલ્લા કેન્સરના રોગને નાથવા દર મહિનાના બીજા તથા ચોથા શનિવારે ટ્રસ્ટના ભવન ખાતે 'કેન્સર અવેરનેસ તથા નિદાન પ્રોગ્રામ'નું આયોજન કરવામાં આવતું હોય છે.

જે અંતર્ગત તા.૨૭ ને શનિવારના રોજ સવારે ૯ થી ૧૦ વાગ્યા સુધી કેન્સર નિષ્ણાંત ડો.દુષ્યંત માંડલીક પુજીત રૂપાણી મેમો ટ્રસ્ટ 'કિલ્લોલ', ૧-મયુરનગર, રાજકોટ મહાનગર પાલિકા પૂર્વઝોન કચેરી સામે, ભાવનગર રોડ, રાજકોટ ખાતે નિઃશુલ્ક કેન્સર નિદાન કરી અપાશે. રજિસ્ટ્રેશન રૂબરૂ અથવા ફોનથી પણ કરાવી શકાશે. આ કેમ્પમાં ગુજરાતના તબીબ ડો.દુષ્યંત માંડલીક સેવાઓ આપશે. જે અંતર્ગત મોં, ગળું, જડબાંના કેન્સરનું નિદાન કરી અપાશે.

ટ્રસ્ટના મેડિકલ સેન્ટરમાં ચેરમેન વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટીઓ પ્રવિણભાઈ રૂપાણી, અંજલિબેન રૂપાણી, રંજનબેન રૂપાણી, મહેશભાઈ ભટ્ટ, મેહલભાઈ રૂપાણી, રાજેશભાઈ રૂપાણી, અમીનેશભાઈ રૂપાણી, ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, ડો.નયનભાઈ શાહ, ડો.વિભાકરભાઈ વચ્છરાજાની, દિવ્યેશભાઈ પટેલ અને બિપીનભાઈ વસા સહિતનાઓના માર્ગદર્શન હેઠળ ચાલતા આ પ્રોજેકટમાં સેવાઓ આપવા માટે કાર્યરત છે. વધુ માહિતી માટે ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટનો ફોન નં.૦૨૮૧-૨૭૦૪૫૪૫/૨૭૦૧૦૯૮ દ્વારા સંપર્ક કરવાનો રહેશે.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં ગરમી યથાવત; પારો ૪૦ ડીગ્રીને પાર

■ **ધોમધખતા તાપમાં બપોરે હાઈવેમાં વાહનોની અવરજવરમાં ઘટાડો; દરિયાઈ વિસ્તારના વેરાવળ-દ્વારકામાં રાહત**

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ તા.૨૫ઃ ઉનાળાની ઋતુમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં ગરમીનું પ્રમાણ યથાવત રહ્યું છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રના ઘણા જિલ્લાઓમાં લઘુતમ તાપમાન ૪૦ ડીગ્રીને પાર જતા કાળઝાળ ગરમીમાં જનજીવન અને પશુપંખીઓ ઉપર માઠી અસર પડી છે. બપોરના સમયે હાઈવેમાં આકરા તાપથી વાહનોની અવરજવરમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે.

જામનગરમાં છેલ્લા ૨૪ કલાકમાં મહતમ તાપમાનમાં એક ડીગ્રીનો વધારો નોંધાતા તાપમાનનો પારો ૩૫ ડીગ્રીએ સ્થિર થયો હતો જો કે બપોર બાદ તેજીલા વાયરાનો દોર શરૂ થતા શહેરીજનોએ ગરમીમાંથી આંશિક રાહત મેળવી હતી. જામનગરમાં મહતમ તાપમાનમાં સતત ઘટાડો નોંધાયો છે જયારે બીજી તરફ લઘુતમ તાપમાનનો પારો ૨૩થી ૨૫ ડીગ્રીની વચ્ચે રહ્યો છે. શહેરનું મહતમ તાપમાન ૩૫ ડીગ્રી નોંધાયું હતું.



જયારે લઘુતમ તાપમાનનો પારો ૨૪.૫ ડીગ્રીએ સ્થિર થયો હતો. જયારે શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૫ ટકા નોંધાયું છે. તો પવનની ગતિ પ્રતિકલાકની સરેરાશ ૯.૮ કી.મી.ની રહી હતી.

સૌરાષ્ટ્રમાં રાજકોટ-અમરેલી જિલ્લામાં એક સરખી ૪૦.૫ ડીગ્રી ગરમીનું પ્રમાણ નોંધાયું છે. જયારે સુરેન્દ્રનગર ૪૦.૭, જામનગર ૩૪.૩, ઓખા ૩૩.૩, વેરાવળ ૩૧.૨, દ્વારકા ૩૦.૪, પોરબંદર ૩૪.૨, ભાવનગર ૩૮.૨ ડીગ્રી અને કચ્છના ભુજમાં ૩૯.૦ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયું છે.

જયારે ગુજરાત અમદાવાદ ૪૦.૮, બરોડા ૪૦.૬, છોટાઉદેપુર ૪૦.૨, દાહોદ ૩૯.૧, ડાંગ ૪૦.૯, ડીસા-૩૯.૪, નર્મદા ૪૧.૦, વલસાડ ૩૬.૪ ડીગ્રી તાપમાન નોંધાયું હતું.

ઉનાળાની ઋતુમાં દિવસભર આકરા તાપથી જનજીવન પર અસર જોવા મળી રહી છે. બપોરે લોકો કામ સિવાય બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. ગરમીથી બચવા ટોપી, ચશ્મા, છત્રીનો સહારો લઈ રહ્યા છે. ઠંડા પીણા, આઈસ્ક્રીમ, જયુસ, છાસ, લસ્સી, અને શેરડીના રસની માંગ વધી છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં ગરમીનું પ્રમાણ ચાલુ સપ્તાહમાં યથાવત રહ્યું છે.

# ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસે રાજયમાંથી જ રૂા. ૨૦૦ કરોડનું ભંડોળ મેળવ્યું

■ **ગુજરાતમાં ચૂંટણી ભંડોળ અને ખર્ચમાં પણ કોંગ્રેસને મોટા માજીર્નથી પાછળ રાખી દેતું ભાજપ**

રાજકોટ, તા. ૨૫ઃ લોકસભા ચૂંટણીમાં પ્રત્યેક ઉમેદવાર રૂા. ૯૫ લાખ સુધીનો ચૂંટણી ખર્ચ કરી શકે છે પરંતુ રાજકીય પક્ષો માટે કોઈ ખર્ચ મર્યાદા નહીં હોવાનું ભરપુર લાભ ગુજરાતમાં ભાજપને મળી રહ્યો છે અને હાલમાં એસોસીએશન ફોર ડેમોક્રેટીક રીફોર્મ દ્વારા અપાયેલા આંકડા મુજબ છેલ્લી બે ચૂંટણીમાં તમામ ૨૬ બેઠકો ઉપર કોંગ્રેસને પરાજીત કરી છે તેટલું જ નહીં ખર્ચ કરવામાં પણ ભાજપે કોંગ્રેસને મોટા માજીર્નથી પાછળ રાખી દીધી છે.

ચૂંટણી પંચ સમક્ષ રજુ થયેલા આંકડા મુજબ રાજયની બંને ચૂંટણીઓમાં ભાજપે ભંડોળ મેળવવામાં અને ખર્ચ કરવામાં કોંગ્રેસ ઉપર સરસાઇ સ્થાપી દીધી હતી. ૨૦૧૪ અને ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપે એકંદરે રૂા.૬૫.૮૮ કરોડ અને રૂા.૫૪.૩૪ કરોડનો ખર્ચ કર્યો હતો.

જયારે કોંગ્રેસ પક્ષે ૨૦૧૪માં ફકત રૂા. ૧.૩૬ કરોડ અને ૨૦૧૯માં રૂા.૧.૪૮ કરોડનો ખર્ચ કર્યો હતો. જોકે ભંડોળ મેળવવામાં પણ ભાજપે કોંગ્રેસને પાછળ રાખી દીધી છે. ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપે ગુજરાતમાં ૧૭૯.૬૬ કરોડનો ભંડોળ મેળવ્યો હતો. જયારે કોંગ્રેસ પક્ષે ફકત રૂા. ૨૦.૫૦ કરોડનું ભંડોળ મેળવ્યું હતું.

દેશભરમાં લોકસભા ચૂંટણીમાં ખર્ચમાં ૨૦૧૯માં ગુજરાતનો ખર્ચ ત્રીજા ક્રમે રહ્યો હતો. જોકે સૌથી વધુ ખર્ચ મહારાષ્ટ્ર રૂા. ૧૨૪.૩ કરોડ, ઓડીસમાં રૂા. ૬૮.૫૬ કરોડનો ખર્ચ રાજકીય પક્ષોએ કર્યો છે.

# એપ્રિલ માસ પૂર્ણ થવા છતાં ખાંડ, ચણા, તુવેરદાળનો જથ્થો નહીં મળતા દુકાનો પર કકળાટ

## દર માસે ૧૬મી તારીખે એડવાન્સ જથ્થાની પરમીટ-ચણા જનરેટ કરવાનો સરકારનો આદેશ નિગમ ઘોળીને પી ગયું

### ચૂંટણી ટાણે રેશનીંગ દુકાનદાર એસો.નો સરકાર સામે આક્રોશ

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા.૨૫: રાજકોટ સહિત રાજ્યમાં રેશનીંગ પરવાનેદાર દુકાનદારોને મળવા પાત્ર અનાજના જથ્થાની પુરતા પ્રમાણમાં ફાળવણી નહીં થતાં રોજબરોજ રેશનીંગ દુકાનો પર લાભાર્થીઓ સાથે તકરારોથી વાજ આવી ગયેલા દુકાનદારોએ સમયાંતરે સરકાર અને નિગમને રજૂઆત કરે છે તેમ છતાં કોઇ યોગ્ય ઉકેલ આવતો નથી તેવા સમયે હાલ લોકસભાની ચૂંટણી સમયે ઓલ ગુજરાત ફેર પ્રાઇસ શોપ એસો.ના પ્રમુખ રાજેન્દ્રસિંહ જાડેજા, મહામંત્રી હિતુભા જાડેજા, વાડીલાલ પટેલે રાજ્યનાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી કુંવરજીભાઇ બાવળીયાને લેખીત રજુઆત કરી છે. ઓલ ગુજરાત ફેર પ્રાઇસ શોપ એસો.એ લેખીત રજૂઆતમાં જણાવ્યા મુજબ જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ લાભાર્થીઓને મળવાપાત્ર જથ્થો આપવાનું ભગીરથ કાર્ય ગુજરાતના લગભગ ૧૭૦૦૦ સસ્તા અનાજના દુકાનદારો બેખુબીથી નિભાવી રહ્યા છે. આ દુકાનદારો દુકાન ચલાવતા પડતી વિવિધ મુશ્કેલીઓ અને તેમના વ્યાજબી પ્રશ્નો અને માગણીઓને સરકારમાં વાચા આપવા માટેનું કાર્ય ઓલ ગુજરાત ફેર પ્રાઇસ શોપ એસ. (કે જે ટ્રેડ યુનિયન એક્ટ ૧૯૨૬ તા.૧૨-૧૦-૨૦૧૯ના રોજ રજીસ્ટ્રેશન નં. જી-૬૬૫૨થી નોંધાયેલ છે) કરી રહ્યું છે પરંતુ અનેક રજૂઆતો છતાં દુકાનદારોની સ્થિતિ આજે પણ દયનીય છે.

સરકારશ્રીમાં વિવિધ સ્તરે મીટીંગો કમિટિમાં અનેક વખત ચર્ચાઓ-વિચારણાઓ અને સહમતિ સધાયા બાદ પણ પ્રશ્નોના નિરાકરણ આવી રહ્યા નથી. દુકાનદારો દ્વારા પ્રતિક હડતાળ ધરણા અસહકાર આંદોલન હલ્લા બોલ અને દુકાનદારો દ્વારા આપવામાં આવેલા વિવિધ કાર્યક્રમો વખતે સરકાર દ્વારા અનેક બાબતે સહમતિ સધાઇ હોવા છતાં તેનો અમલ કરવામાં આવી રહ્યો નથી. ત્યારે ખાસ કરીને જાહેર વિતરણ વ્યવસ્થા સરળતાથી ચાલે એ માટે સરકાર અને લાભાર્થીઓને જોડતી સીધી સાંકળ તરીકે અમારા વ્યાજબી ભાવના દુકાનદારો છે.

આ સીસ્ટમ સુચારુ રીતે ચાલે તે માટેની મોટાભાગની જવાબદારી ગુજરાત નાગરિક પુરવઠા નિગમની છે. દુઃખ સાથે કહેવું પડે છે કે પુરવઠા નિગમ છેલ્લા ચાર વર્ષથી તેની નૈતિક અને કાયદાકીય જવાબદારી નિભાવમાં સંપૂર્ણ નિષ્ફળ ગયેલ છે. ગુજરાતનો દુકાનદાર આજની તારીખે પુરવઠા નિગમના પાપે ઘણી બધી યાતનાઓ ભોગવી રહ્યો છે.

એક બાજુ લાંબા સમયથી એસો. જથ્થાની ૩૦ દિવસની સાઇકલ માટે સતત રજુઆત કરી રહ્યું અને મંત્રીની અધ્યક્ષ આપની બેઠક પણ સરકાર દ્વારા આ બાબતે યોગ્ય કરવાની ખાતરી આપી હતી ત્યારે આ બાબતે અનેક વખત નિયામક દ્વારા એસો.ને જણાવવામાં આવ્યું છે કે સચિવ આ બાબતે સહમત થતાં નથી અહીં સવાલ એ થાય છે કે પુરવઠા નિગમ તેમની ઇચ્છા પડે ત્યારે ૪૫ દિવસની સાયકલ ૩૦ દિવસની સાઇકલ ચલાવે છે .

જો ૩૦ દિવસના જથ્થાની સાયકલ માટે સચિવની મંજુરી હોય તો આવી અનિયમિત અને માત્ર નિગમની સગવડતા માટે અને નિગમની નિષ્ફળતા છુપાવવા માટે અનિયમિત પરમીટો બનાવવા માટેની મંજુરી સચિવ એ ક્યારેય આપી ન હોય એવું માનવાને રહે છે આ ૪૫ દિવસની સાયકલ હોવા છતાં અને દુકાનદારો ઉપર આ ઠોકી બેસાડવામાં આવેલ હોવા છતાં પુરવઠા નિગમ ચાલુ મહિનાની ૨૫ તારીખ સુધી ઘઉં-ચોખાનો જથ્થો પણ પહોંચાડી શકતી નથી આજે ૨૪ તારીખ થવા છતાં ડુ-મીક રીપોર્ટ જોતા પુરવઠા નિગમ દ્વારા હજુ ઘઉં અને ચોખા ૪૦ ટકા જથ્થો જ પહોંચી શક્યો છે. જ્યારે જણસીમાં દાળ ૫૦ ટકા, ચણા ૫૦ ટકા જેવું જ ઇસ્યુ ગુજરાતભરમાં થયું છે. અન્ન સુરક્ષા કાયદા અનુસાર દર પહેલી તારીખે દુકાન પર ઘઉં-ચોખા પહોંચાડવાની કાયદાકીય જવાબદારી આ પુરવઠા નિગમની છે. આ જવાબદારી પૂર્ણ કરવા માટે થઇને પુરવઠા નિગમ દ્વારા સરકાર દ્વારા ૪૫ દિવસની સાયકલ અમલમાં લાવી અને ઘઉં ચોખાનો જથ્થો ગુજરાતની તમામ દુકાનો ઉપર ચાલુ સાત તારીખમાં પહોંચી જાય એ માટે કડક સુચના આપેલ છે છતાં પણ અન્ન સુરક્ષા કાયદો અને સરકારની કડક સુચનાને પુરવઠા નિગમ ઘોળીને પી ગયું છે.

આ બાબતની અનેક રજુઆતો છતાં કોઇ ઉકેલ નહીં આવતા એસો. દ્વારા લોકસભાની ચૂંટણી બાદ પુરવઠા નિગમ સામે આશ્ચર્યજનક કાર્યક્રમો સમગ્ર ગુજરાતમાં આપશે તેમ અંતમાં એસો. પ્રમુખ રાજેન્દ્રસિંહ જાડેજા, મહામંત્રી દિનુભા જાડેજા, વાડીલાલ પટેલની યાદીમાં જણાવાયું છે.



## દુકાનદારોને મળતા જથ્થાનાં વજનમાં ઘટ

રાજકોટ તા.૨૫: ગુજરાત રાજ્યના પુરવઠા નિગમ દ્વારા દુકાનદારોને પુરો પાડવામાં આવતો ઘઉં ચોખાના જથ્થાના વજનમાં નિયત વજન મળતું નથી અને જથ્થામાંથી ઘઉં ચોખાની ચોરી થાય છે. આ બાબતે અનેક વખત લેખિત અને મૌખિક રજુઆત કરવા છતાં પુરવઠા નિગમ કોઈ પગલું લેતું નથી. વજનમાં થતી ચોરી દુકાનદારો ઉપર પ્રાણ ઘાતક સાબીત થઈ રહી છે. આ બાબતે એસોસીએશન દ્વારા હલ્લાબોલ કાર્યક્રમ આપવામાં આવેલ હતો. વિભાગના અધિકારીઓની હાજરીમાં આ ચોરી પકડીને આપેલ હોવા છતાં કોઈ પગલા લેવામાં આવ્યા નથી અને કોઈને કોઈ કારણોસર નિગમના ગોડાઉન ઉપર કામ કરતા કર્મચારીઓ આવી ચોરી બે રોકટોક કરે છે દુઃખની બાબતો એ છે કે સરકારશ્રી દ્વારા ધારા ધોરણ મુજબ થતી ગોડાઉનની મુલાકાત તપાસની સમયે બધું બરાબર હોવાના અહેવાલો રજુ કરવામાં આવે છે. આ એક પ્રકારની સૌનો સાથ સૌનો વિકાસના સૂત્રને ચરિતાર્થ કરી એકબીજાના મેળાપીપણામાં ચલાવી લેવામાં આવતી પ્રવૃતિ છે. અનેક રજુઆતો ઉઠી હોવા છતાં કોઈ યોગ્ય ઉકેલ આવ્યો નથી તેમ શોપ એસો.એ પુરવઠા મંત્રીને લેખીત રજુઆતમાં જણાવ્યું છે.

**આજે સવારથી જ પુરવઠા વિભાગનું સર્વર ઠપ્પ થતાં રાજ્યભરમાં દેકારો**

રાજકોટ સહિત રાજ્યભરમાં રેશનીંગ પરવાનેદાર દુકાનદારોને પડતી મુશ્કેલી અંગે શોપ એસો.એ ચુંટણી ટાણે જ અન્ન-નાગરિક વિભાગના મંત્રીને લેખીત રજુઆત કરી છે તેવા સમયે આજે સવારથી પુરવઠા વિભાગનું સર્વર ઠપ્પ થતાં તમામ કામગીરી અટકી પડતા રાજ્યભરમાં મોટો દેકારો મચી ગયો છે.

એસોસીએશન દ્વારા હલ્લાબોલ કાર્યક્રમ આપવામાં આવેલ હતો. વિભાગના અધિકારીઓની હાજરીમાં આ ચોરી પકડીને આપેલ હોવા છતાં કોઈ પગલા લેવામાં આવ્યા નથી.

ચાલુ એપ્રિલ માસમાં ખાંડ, ચણા, તુવેરદાળ, મીઠુ સહિતના જથ્થાની નિગમે ૪૫ ટકા જ સપ્લાય કરી છે અનેક લાભાર્થીઓ હજુ અનાજથી વંચિત ત્યારે સસ્તા અનાજની દુકાનો પર લાભાર્થીઓ ધરમ ધક્કા ખાઈ રહ્યા છે ત્યારે આજે વહેલી સવારથી જ પુરવઠા વિભાગનું સર્વર ઠપ્પ થતા પરમીટ, સપ્લાય, વિતરણ સહિતની ઓનલાઈન કામગીરી ઠપ્પ થતાં મોટો હોબાળો મચી ગયો છે.

# ક્ષત્રીય આંદોલન સહિતના પાસાઓના પગલે સંવેદનશીલ મતદાન મથકોમાં ૨૧૦નો વધારો

- **કાયદો-વ્યવસ્થાની જાળવણી માટે વિશેષ બંદોબસ્ત મૂકાશેઃ શહેર-ગ્રામ્ય વિસ્તાર માટે અર્ધ લશ્કરી દળોની વધુ છ-છ કંપનીઓ માટે દરખાસ્તઃ ૫૦ ટકા બુથો પર વેબકાસ્ટીંગ થશેઃ કલેકટર પ્રભવ જોશી**

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ,તા. ૨૫ઃ રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં ૨૨૩૬માંથી ૧૦૩૨ મતદાન મથકો સંવેદનશીલ જાહેર કરાયા છે. આવા મતદાન મથકો ઉપર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની જાળવણી માટે વિશેષ પોલીસ બંદોબસ્ત મુકવામાં આવશે તેમ કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ જણાવ્યું હતું.

જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે ક્ષત્રિય સમાજના આંદોલન સહિતના વિવિધ પાસાઓને ધ્યાનમાં રાખી ગત ચૂંટણીની સાપેક્ષમાં આ વખતે સંવેદનશીલ મથકોની સંખ્યામાં ૨૧૦નો વધારો થવા પામેલ છે.

સંવેદનશીલ મતદાન મથકો જાહેર કરવા માટે ચૂંટણી પંચે ખાસ ગાઈડલાઈન જાહેર કરી અલગ અલગ ક્રાઈટ એરીયા નિયત કરેલ છે. જે મુજબ આ સંવેદનશીલ મતદાન મથકો જાહેર કરાયા છે. જેમાં ગત ચૂંટણીમાં જયાં ઓછું કે ખુબજ વધુ મતદાન થયું હોય તેવા મતદાન મથકો



પણ સંવેદનશીલની વ્યાખ્યામાં આવે છે.

આ ઉપરાંત આ વખતે ક્ષત્રિય આંદોલનનું ફેકટર પણ હોય આ સહિતના પાસાઓને લક્ષમાં રાખી આ રાજકોટ લોકસભા બેઠક વિસ્તારના ૧૦૩૨ જેટલા સંવેદનશીલ મતદાન મથકો જાહેર કરાયા છે. આવા મતદાન બુથો ઉપર કોઈ અનિચ્છનિય બનાવ ન બને અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે વિશેષ સુરક્ષા કર્મચારીઓનો બંદોબસ્ત મુકવામાં આવશે.

આ ઉપરાંત ૫૦ ટકા મતદાન બુથો ઉપર વેબકાસ્ટીંગ પણ કરવામાં આવશે. રાજકોટ લોકસભા બેઠક વિસ્તાર કે જેમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તાર માટે ચૂંટણી બંદોબસ્ત માટે અર્ધ લશ્કરી દળોની વધુ છ-છ કંપનીઓ ફાળવવા માટે દરખાસ્ત કરી દેવામાં આવી છે. તેમ પણ જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું. રાજકોટ શહેર જીલ્લામાં આચારસંહિતાના અમલીકરણ માટે વિશેષ રૂપથી પગલા લેવામાં આવી રહ્યા છે. આગામી તા.૭ મેનાં રાજકોટ લોકસભા બેઠકનું મતદાન થનાર હોય આ માટેની મોટાભાગની તૈયારીઓ પરિપૂર્ણ કરી દેવામાં આવી છે. જેમાં હીટવેવની આગાહી પણ કરવામાં આવી હોય મતદાન મથકો ઉપર મતદારો માટે છાંયડાની વ્યવસ્થા કરવામાં આવશે. આ ઉપરાંત એનસીસી કેડેટ વોલીએન્ટર્સ તરીકે ફરજ બજાવશે.

મતદાન મથકો ઉપર મતદાન કરવામાં મતદારોને કોઈ મુશ્કેલી ન પડે તેનું વિશેષ ધ્યાન રાખવામાં આવશે. મતદારોની સુવિધા જળવાઈ રહે તે માટે ખાસ પગલા લેવાશે. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં ૭૦ ટકા મતદાનનો લક્ષ્યાંક વહીવટી તંત્ર દ્વારા રાખવામાં આવેલ છે.

આ માટે ગત ચૂંટણીમાં જયાં ઓછું મતદાન થવા પામેલ હતું તેવા વિસ્તારો પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યું છે. પરંતુ હાલ તાપમાનનો સતત ઉંચકાતો પારો અને હીટવેવની આગાહીના પગલે મતદાન ઉપર અસર થવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે તેની સામે ચૂંટણી તંત્રએ સતર્ક મતદાર જાગૃતિના કાર્યક્રમો પર જોર લગાવી દીધું છે.

# સમગ્ર દેશમાં રેકોર્ડ બ્રેક ૫૬ વિદ્યાર્થીઓને ૧૦૦માંથી ૧૦૦ પર્સન્ટાઈલ JEE મેઈનનું પરિણામ જાહેરઃ ટોપર્સમાં રાજકોટના બે વિદ્યાર્થી

- **મીત પારેખનો ૨૮ તથા હર્ષલ કાનાણીનો ૪૪મો રેન્કઃ સમગ્ર ગુજરાતમાં બે 'ટોપર્સ' અને બન્ને રાજકોટના હોવાની સિધ્ધિ**

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા.૨૫ઃ એન્જીનીયરીંગ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લેવાતી જોઈન્ટ એન્ટ્રન્સ ટેસ્ટ (જેઈઈ) મેઈનનું પરિણામ જાહેર થયુંછે જેમાં રેકોર્ડબ્રેક ૫૬ વિદ્યાર્થીઓ 'ટોપર્સ' જાહેર થયા છે. અર્થાત ૧૦૦માંથી ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા છે. રાજકોટના બે વિદ્યાર્થીઓએ પણ 'ટોપર્સ' તરીકે સ્થાન મેળવીને સિધ્ધિ હાંસલ કરી છે.

જેઈઈ મેઈન્સની પરીક્ષાનું પરિણામ ગઈ મોડી રાત્રે જાહેર કરવામાં આવ્યું હતું. ૧૦૦માંથી ૧૦૦ પર્સન્ટાઈલ મેળવનારાની સંખ્યા ૫૬ રહી છે. ગત વર્ષે ૪૭ વિદ્યાર્થીઓએ આ સિધ્ધિ મેળવી હતી. ટોપર્સ તરીકે જાહેર થયેલા ૫૬માંથી બે વિદ્યાર્થી ગુજરાતના છે અને તે બન્ને રાજકોટના છે. રાજકોટના મીત પારેખ ઓલ ઈન્ડિયા રેન્કીંગમાં ૨૮મુ તથા હર્ષલ કાનાણીએ ૪૪મુ રેન્કીંગ મેળવ્યું છે. આ બન્ને વિદ્યાર્થીઓ રાજકોટનાં એલન ઈન્સ્ટીટ્યુટમાં અભ્યાસ કર્યો છે. સમગ્ર દેશમાં ૫૬ ટોપર્સમાંથી બે વિદ્યાર્થી રાજકોટના હોવાની વાત ગૌરવપૂર્ણ છે. આખા ગુજરાતમાંથી બે જ વિદ્યાર્થી ટોપર્સ બન્યા છે અને તે બન્ને રાજકોટના જ હોવાનું મહત્વનું છે.

રાષ્ટ્રીયકક્ષાએ ટોપર્સ બનેલા ૫૬ વિદ્યાર્થી બે ગુજરાતનાં છે.આ સિવાય સૌથી વધુ ૧૫ વિદ્યાર્થી તેલંગાણાનાં છે. આંધ્રપ્રદેશ-મહારાષ્ટ્રનાં ૭-૭, દિલ્હીનાં ૬, રાજસ્થાનનાં ૫, કર્ણાટકનાં ૩, તામીલનાડુ-ગુજરાત-હરીયાણાનાં ૨-૨, ઉતરપ્રદેશ-બિહારનાં ૧-૧ વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. આ વખતે, JEE મેઈન્સના એપ્રિલ સત્ર માટે જનરલ કેટેગરીની કટઓફ પર્સન્ટાઈલ ૨૦૨૩ની સરખામણીમાં ૨.૪૫ પોઈન્ટ્સ વધારે હતું, જોકે સામાન્ય કેટેગરી માટે પસંદ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ગત વખત કરતાં ૧૨૬૧ ઓછી છે. આ વખતે JEE એડવાન્સ માટે ક્વોલિફાઈંગ પર્સન્ટાઈલ પાંચ વર્ષમાં સૌથી વધુ છે.જનરલ કેટેગરીના ૯૭,૩૫૧ વિદ્યાર્થીઓને ૧૦૦ પર્સેન્ટાઈલ અને ૯૩.૨૩ વચ્ચે પસંદ કરવામાં આવ્યા છે. ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવનારા વિદ્યાર્થીઓમાં ૬ EWS કેટેગરીના છે, જેમાંથી ૪ તેલંગાણાના અને ૨ આંધ્રપ્રદેશના છે. ૫૬ ટોપર્સમાં જનરલ કેટેગરીના ૪૦, OBC માંથી ૧૦ અને જનરલ-EWSમાંથી છનો સમાવેશ થાય છે. ઓબીસી વિદ્યાર્થીઓ જેમણે ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવ્યા છે. તેમાંથી ૨-૨ તેલંગાણાના, એક-એક મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશના છે. JEE ૧૩ ભાષાઓમાં યોજવામાં આવી હતી. આસામી, બંગાળી, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, કન્નડ, મલયાલમ, મરાઠી, ઉડિયા, પંજાબી, તમિલ, તેલુગુ અને ઉર્દૂ. કેપટાઉન, દોહા, દુબઈ, મનામા, ઓસ્લો, સિંગાપોર, કુઆલાલંપુર, લાગોસ/અબુજા, જકાર્તા, વિયેના, મોસ્કો અને વોશિંગ્ટન ડીસીમાં ૨૨ કેન્દ્રો સહિત ૩૧૯ શહેરોમાં ૫૭૧ કેન્દ્રો પર પરીક્ષા લેવામાં આવી હતી. આ વખતે ૧૦,૬૭,૯૫૯ વિદ્યાર્થીઓએ JEE Mains એપ્રિલ સત્રની પરીક્ષા આપી હતી, જે ગત વખત કરતા ૪૫,૩૬૬ વિદ્યાર્થીઓ ઓછા હતા.

# કોટેચા ચોકમાં ખાનગી પ્રોપર્ટીમાં હોર્ડિંગ જોખમઃ હટાવવા માટે વેપારીઓની કોર્પોરેશનમાં ધા

■ **બંગલા માલિકને હોર્ડિંગ હટાવવા કોટેચા ચોક વેપારી મંડળે રજુઆત કરતા રોફ જમાવ્યો**

રાજકોટ, તા.૨૫ઃ કોટેચા ચોક વિસ્તારમાં આવેલ શાંતિનિકેતન સોસાયટીમાં લગાવેલ વિશાળ કદના હોર્ડીંગની ફરિયાદ કોટેચા ચોકના વેપારીઓ દ્વારા કરવામાં આવી છે. આ સોસાયટીમાં બંગ્લોઝ આવેલ છે જ્યાં વેપારી કે ધંધાદારી કામગીરી કરવાની પરવાનગી નથી તેવામાં સ્વામી વિવેકાનંદની પ્રતિમાને લગોલગ બંગલા નં.૧ પર વિશાળ કદનું જાહેરાતનું બોર્ડ લગાવાતા વેપારીઓમાં રોષનો માહોલ છવાયો છે.

મનપાની પરવાની વગર કોઈપણ સ્થાવર મિલ્કત પર જાહેરાતનું બોર્ડ લગાવી શકાતું નથી. આથી કોટેચા ચોકના વેપારી પ્રતિનિધિ મંડળે બંગલા નં.૧ના




માલીક પ્રવિણભાઈ પરમારની રૂબરૂ મુલાકાત લઈ આ બોર્ડ ઉતારી લેવા રજુઆત કરી હતી પરંતુ બંગલાના માલિકે મપનામાં વગ હોવાનો રોફ જમાવ્યો હતો.

બંગલાના માલિકે રોફ જમાવતા વેપારીને જણાવ્યું કે રાજકોટ મહાનગરપાલિકામાં મારી વગ છે જેથી આ બોર્ડ કોઈ ઉતરાવી શકશે નહીં. રાજકોટ મનપાના એસ્ટેટ વિભાગના સંબંધકર્તા અધિકારીઓને માસીક હપ્તા ચુકવું છું. આવા જવાબના કારણે વેપારીઓમાં ઉગ્ર રોષ છવાયો છે. વેપારીઓનું કહેવું છે કે, બંગલા નં.૧ પર લગાવેલ બોર્ડને લગાવવાની પરવાનગી મળેલ નથી છતાં મપનાના નિયમોનું ઉલ્લંઘન કરી ગેરકાયદેસર હોર્ડીંગ લગાવવામાં આવ્યું છે. રેસીડેન્સીઅલ વિસ્તારમાં કોમર્શીયલ હોર્ડીંગ લગાવી શકાય નહીં ઉપરાંત ત્યાંથી પસાર થતાં લોકો પર હોર્ડીંગ પડવાનો અને અકસ્માતનો ભય રહે છે. આથી વહેલી તકે આ હોર્ડીંગ ઉતારી લેવા ઉગ્ર માંગ કરવામાં આવી છે. કોટેચા ચોકમાં સૌથી વધુ વાહનોની અવર-જવર થાય છે અને ટ્રાફિક બ્રિગેડરો પણ ઉભા રહેતા હોય છે આથી વાહન ચાલકો અને ટ્રાફિક બ્રિગેડરોનું જીવ જોખમમાં મુકાય છે. કોટેચા ચોકના વેપારી મંડળના પ્રમુખ એ.કે. કણસાગરા, રજનીભાઈ કામદવે, વિનોદ પટેલ, મનોજ કોટડીયા, શૈલેષ પટેલ, મોનેશ હિરાનંદાણી, જગદીશ સરવૈયા, મનીષકુમાર, ભાવેશ રામાણી, અલતાફ ચાવડા, નિલેશ મહેતા, ભુપત દેસાઈ, એમ.કે. તમ્બલ, પટેલ જય, દિલીપકુમાર, જયમીન પંડ્યા, ભરત પટેલ, રવિ સોનખાણી, વિરાજ પટેલ, રસીક પ્રજાપતિ, પૂજા મકવાણા, રવિ લાખાણી, અમીત ઠાકોરએ તાત્કાલીક ધોરણે હોર્ડીંગ હટાવવા મનપામાં રજુઆત કરવામાં આવી છે.

# એક જિલ્લામાં ફેઈલ થયેલ અનાજનો જથ્થો બીજા જિલ્લાને ધાબડી દેવાતો હોવાનો આક્ષેપ

■ **અખાદ્ય જાહેર જથ્થાનો નાશ કરવા નિગમના અધિકારીઓ અને સપ્લાયરની મીલીભગત?ઃ એસો.ની ધગધગતી રજુઆત**

રાજકોટ તા.૨૫ઃ સપ્લાયરો દ્વારા તૈયાર કરવામાં આવતા દાળ-ચણાના જથ્થાના સ્ટેટમાંથી રેન્ડમલી નમુનો સપ્લાયના પ્રતિનિધિ અને નિગમના પ્રતિનિધિની હાજરીમાં એફ.આર.એલ. દ્વારા લેવામાં આવે છે અને આ જથ્થાનું યોગ્ય પ્રમાણપત્ર મળ્યા હતા.

નિગમ તથા એફ.આર.એલ.ના પ્રતિનિધિની હાજરીમાં ગોડાઉન ઉપર મોકલવાના જથ્થાની ગાડી ભરીને તાલપત્રી ઢાંકીને શીલબંધ મોકલવામાં આવે છે જે ગાડીને નિગમના ગોડાઉન ઉપર લગાવવામાં આવેલા સીસીટીવી હેઠળ ગોડાઉન મેનેજર સીલ ખોલીને નમુનો મેળવી અને જિલ્લા કચેરી ખાતે આ નમુનો કોથળીમાં પેક કરે માત્ર કોથળીને પીન મારીને મોકલી આપે છે.

જે જિલ્લા કે તેની મારફત લેબ તપાસ માટે એફ.આર.એલ. ખાતે મોકલવામાં આવે છે અને અનેક વખત આવા નમુના તપાસણીમાં ફેઈલ થતા હોય છે ખરેખર તો ફુડ સેફટી એકટની જોગવાઈ મુજબ અખાદ્ય જાહેર થતો જથ્થો સપ્લાયરને કયારેય પરત કરવાનો હોતો નથી પરંતુ તેનો નાશ કરવાનો હોય છે. નિગમ સપ્લાયર સાથેના સુવાળા સંબંધને લઈને આવી અખાદ્ય થતો જથ્થો તેમને પરત સોંપી આપે છે અને આ જ જથ્થો એક જિલ્લા ઉપરથી ઉપાડીને નવી ટીપી બનાવી બીજા જિલ્લામાં મોકલી આપી વહીવટ દ્વારા આવા અખાદ્ય જથ્થાને બીજા જિલ્લામાં પાસ કરાવીને પ્રજાને નબળી ગુણવતાનો જથ્થો ધરાર આપી દેવામાં આવે છે.

પ્રથમ તો આવા અખાદ્ય જાહેર થતો જથ્થો ભરાવનાર નિગમના કર્મચારીની સામે પગલા લેવા જોઈએ. આ સમગ્ર પ્રક્રિયામાં નિગમ દ્વારા મુકવામાં આવેલા લુઝ પગલાં દુર કરવા જોઈએ જેમાં પ્રથમ તો જથ્થાની ગાડી ભરાવતા સમયે હાજર કર્મચારી ઉપર પગલાં લેવા જોઈએ અને આ જથ્થો ગોડાઉન ઉપર પહોંચે ત્યારે સીસીટીવી નીચે જ આ ગાડીમાંથી જથ્થાના નમુના ગોડાઉન મેનેજર જાતે લઈને સ્થળ ઉપર જ આ નમુનાને સીલ કરીને પછી જ જીલ્લા કચેરીમાં મોકલવા જોઈએ જે નમુના ફેલ થતા હોય એ તમામ જથ્થો સપ્લાયરને પરત આપ્યા સિવાય આવા જત્થાની નિયમ અનુસાર નાશ કરવો જોઈએ.

હાલમાં નિગમ દ્વારા તેમના પરિવહનની જવાબદાર અને ડોરસ્ટેપ ઈજારદારની તમામ પ્રકારની કામગીરી જીપીએસ લોડ સેન્સર દ્વારા નિગમની ફાર આઈ એપ્લીકેશનમાં જરૂરી નોંધ કરીને જ કરાવવામાં આવી રહી છે જેના પરિણામે નિગમ આવા ઈજારદારો દ્વારા થતી તમામ પ્રકારની કામગીરી ઉપર દેખરેખ રાખી શકે છે. આ પ્રકારે સપ્લાયરો દ્વારા પણ જયારે જથ્થો પોતાના નિયત સ્થળેથી રવાના કરવામાં આવે ત્યારે તે ટ્રકને જીપીએસ લોડ સેન્સર અને ફાર આઈ એપ્લીકેશન દ્વારા ટ્રેક કરવો જોઈએ અને ગોડાઉનર ઉપર આવેલો ટ્રક નિગમના અધિકૃત સપ્લાયરના અધિકૃત સ્થળેથી જ રવાના થયો છે તે ગોડાઉન મેનેજરે જોઈ શકે અને તપાસી શકે તેવું કરવું જોઈએ જેથી નિગમમાં ચાલતી જથ્થાની ગુણવતા બાબતની લાલીયાવાડી બંધ થઈ શકે તેમ ઓલ ગુજરાત ફેર પ્રાઈસ શોપ એસોએ મંત્રીને કરેલી રજુઆતમાંજણાવ્યુંછે.

# ત્રણ રાજ્યના સીસીટીવી ચેક કરી ૪૧૦૦ કિમીનું અંતર કાપી સગીરને શોધી કાઢતી રાજકોટ પોલીસ

## રાજકોટમાંથી ઘરેથી કામે જવાનું કહીં નીકળી ગયાં બાદ ગુમ થયેલ ૧૬ વર્ષના પુત્રને શોધવા ભક્તિનગર પોલીસે આકાશ પાતાળ એક કરી રાજકોટથી અમદાવાદ, ઉત્તરપ્રદેશ અને છેલ્લે પંજાબના રેલવે સ્ટેશન પરથી શોધી કાઢ્યો

રાજકોટ, તા.૨૫ઃ રાજકોટમાં ૮૦ ફૂટ રોડ પર વિસ્તારમાંથી ઘરેથી કામે જવાનું કહીં નીકળી ગયાં બાદ ગુમ થયેલ ૧૬ વર્ષના પુત્રને શોધવા ભક્તિનગર પોલીસે આકાશ પાતાળ એક કરી ત્રણ રાજ્યના સીસીટીવી કેમેરા ચેક કરી ૪૧૦૦ કિમીનું અંતર કાપી સગીરને શોધી કાઢી પરીવાર સાથે મિલન કરાવતાં લાગણી સભર દ્રશ્યો સર્જાયા હતાં અને પોલીસ પ્રજાનો મિત્ર છે તે સૂત્ર સાર્થક થયું હતું.બનાવ અંગે ૮૦ ફુટ રોડ પર વિસ્તારમાં રહેતાં ૫૦ વર્ષીય પ્રૌઢે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતુ કે, તેમના નાના ભાઈના ૧૬ વર્ષનો પુત્ર આઈટીઆઈમાં આઈ.ટી. નો અભ્યાસ કરે છે અને સાથોસાથ એપ્રેન્ટીસ તરીકે પ્રેક્ટીસ કરવા માટે જાય છે. ગઇ તા.૧૭/૦૪/૨૦૨૪ ના સવારના આઠેક વાગ્યે તેમનો ભત્રીજાએ તેમને કહેલ કે, હુ એપ્રેન્ટીસની પ્રેક્ટીસ કરવા માટે જાવ છુ તેમ કહી ઘરેથી નીકળેલ હતો. ત્યારબાદ સાંજના સાડા છ વાગ્યા સુધી ઘરે આવેલ નહી જેથી તેના મોબાઇલ નંબર ઉપર ફોન કરતા તેનો ફોન સ્વીચ ઓફ આવેલ ત્યારબાદ આજુબાજુમાં રહેતા તેના મીત્રો તેમજ શીક્ષકને ફોન કરી પુછેલ તો જણાવેલ કે, આજે રજા છે તો તેને આવવાનો કોઇ પ્રશ્ન નથી.

ત્યારબાદ તે એપ્રેન્ટીસનું શીખવા માટે જતો તે જગ્યાએ તપાસ કરવા ગયેલ પરંતુ ત્યા પણ બે દિવસથી તે શીખવા માટે ગયેલ ન હોય તેવુ જાણવા મળેલ ત્યારબાદ બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન તેમજ બધા સગા વ્હાલાને ત્યા પણ તપા લસ કરેલ પરંતુ તેનો કયાય પતો લાગેલ ન હતો. તેને પરિવારજનોએ ઠપકો આપેલ હોય કે ખીજાયેલ હોય તેવુ બનેલ નથી કે ભણતર બાબતે પ્રેશર કરેલ નથી. તે આધાર કાર્ડ સહીતના ઓરજીનલ ડોકયુમેન્ટ તેમજ એક જોડી કપડા નાઇટ ડ્રેસ તથા રૂ.૬ હજાર સાથે લઇ ગયેલ છે. જે અંગેની ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી ભકિતનગર પોલીસ મથકના પીઆઈ મયુરધ્વજસિંહ એમ.સરવૈયા અને ટીમે કિશોરના ગુમ થવા બાબતે ગંભીરતા લઇ ટેકનિકલ સેલના સ્ટાફને બનાવ સ્થળે મોકલી સી.સી.ટી.વી. ચેક કરતાં કિશોર રાજકોટ રેલવે સ્ટેશનથી જમ્મુતાવી ટ્રેનમાં ચડતા જોવા મળેલ જેથી આગળના રેલવે સ્ટેશનના સી.સી.ટી.વી ચેક કરી એક ટીમ અમદાવાદ તપાસ કરવા ગયેલ ત્યાં અલગ અલગ જગ્યાના સી.સી.ટી.વી જોયેલ અને ત્યાંથી ટેકનિકલ સોર્સથી માહિતી મળેલ કે ગુમ થનાર કિશોર હાલ ઉતર પ્રદેશ છે. તુરંત એક ટીમને ઉતર પ્રદેશ રવાના કરેલ અને ત્યાં અલગ અલગ જગ્યાના સી.સી.ટી.વી અને ત્યાંથી માહિતી મળેલ કે, કિશોર હાલ પંજાબના ધર્મક સ્થળો હોય શકે છે.

જેથી પંજાબના ધાર્મિક સ્થળોના સી.સી.ટી.વી. જોયેલ અને ત્યારબાદ જાણવા મળેલ કે, કિશોર હાલ અમૃતસર રેલવે સ્ટેશન પર છે અને ઉતર પ્રદેશ જવા માટે નિકડવાનો છે જેથી ટીમ રેલવે સ્ટેશન જઈને સંપૂર્ણ રેલવે સ્ટેશનમાં કિશોરને સર્ચ કરતાં ત્યાંથી મળી આવેલ જેને રાજકોટ લાવી તેના માતા-પિતા સાથે મીલાપ કરાવી આપતા લાગણી સભર દ્રશ્યો સર્જાયા હતાં અને પોલીસ પ્રજાનો મીત્ર હોવાનુ સુત્ર સાર્થક કરેલ છે.

વધુમાં પીઆઇ એમ.એમ.સરવૈયાએ જણાવ્યું હતું કે, સગીરને શોધવામાં ભકિતનગર પોલીસની ટીમે અલગ અલગ શહેર અને રાજ્યોના સી.સી.ટી.વી જોયેલ અને કુલ ૪,૧૦૦ કી.મી.નું ટ્રાવેલિંગ કરી કિશોરને ખુબ જ ટૂંકા સમયમાં શોધી કાઢી તેના માતા-પિતા સાથે મીલન કરાવ્યું હતું.

જે કામગીરીમાં પીઆઈ એમ.એમ.સરવૈયાની રાહબરીમાં ટેકનિકલ સેલ હેડ કોન્સ્ટેબલ સંજય ચાવડા, કોન્સ્ટેબલ દેવાનંદ રામ અને પુષ્પરાજસિંહ ગોહિલ સહિતનો સ્ટાફ જોડાયો હતો.

# દેશી દારૂના હાટડામાં પોલીસ ત્રાટકીઃ મહેફિલ માણતાં ૧૭ શખ્સો ડમડમ હાલતમાં ઝડપાયા

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ. તા.૨૫ઃ ૧૫૦ ફુટ રીંગ રોડ પર પુનિતનગર પાસે આવેલા વૃંદાવનનગર શેરી નં.૧૫ માં ધર્મેન્દ્રસિંહ ઝાલા નામના શખ્સના મકાનમાં તાલુકા પોલીસે દરોડો પાડી દારૂની મહેફિલ માણતા ૧૬ મળી કુલ ૧૭ શખ્સોની ધરપકડ કરી કાર્યવાહી કરી હતી.

દરોડાની વિગત મુજબ, તાલુકા પોલીસ મથકના પીઆઇ ધવલ હરિપરાની રાહબરીમાં ટીમને મળેલ ચોક્કસ બાતમીના આધારે ધર્મેન્દ્રસિંહ ઝાલાના મકાનમાં ચાલતી દેશી દારૂની મેહીફિલમાં દરોડો પાડી અરવિંદ જીવણ ચાંડપા (ઉ.વ.૩૮ રહે. પાળ), લાલુભા રાજેન્દ્રસિંહ જાડેજા(ઉ.વ. ૩૯, રહે. પુનિતનગર), રાજું કાળુ ડાકી (ઉ.વ. ૩૫, રહે. પુનિતનગર પાણીના ટાંકા સામે), જયસુખ માયા રાઠોડ (ઉ.વ. ૪૧, રહે. ગૌતમ બુધ્ધનગર, વાવડી),અતુલ બાબુ ભટ્ટી (ઉ.વ. ૪૧,રહે.જૂના ગણેશનગર, કોઠારીયા રોડ),ભાવેશ નાગજી કોરાટ (ઉ.વ. ૪૩, રહે. વાવડી ગામ), નવીન કિશોર રાઠોડ (ઉ.વ.૪૫, રહે. ગૌતમ બુધ્ધનગર), શૈલેષ ભીખા મકવાણા (ઉ.વ. ૨૬, રહે. પાળ), કાંતી મંગા ચૌહાણ (ઉ.વ. ૩૬, રહે. ચામુંડાનગર, મવડી પ્લોટ), જયેશ જયશંકર પંડિત (ઉ.વ.૪૮,રહે. ઉદયનગર, મવડી),કિરીટ પુના રાઠોડ (ઉ.વ.૪૨, રહે. ગૌતમ બુધ્ધનગર),કરીમ બાઉદીન સમા (ઉ.વ.૨૬, રહે. જંગલેશ્વર),હેમાંગ હરેશ દવે (ઉ.વ. ૪૯,રહે. જુની પપૈયા વાડી, ગુરૂપ્રસાદ ચોક), લક્કીરાજસિંહ અજીતસિંહ જાડેજા (ઉ.વ. ૨૮, રહે. વિશ્વકર્મા સોસાયટી પાસે), રવિ વિનોદ વડાલીયા (ઉ.વ. ૩૪, રહે. સત્યમ હિલ્સ, વાવડી) અને વિક્રમ બટુકભાઈ પતરીયા (ઉ.વ. ૫૧, રહે. લાભદીપ સોસાયટી, મવડી ચોક) ની ધરપકડ કરી હતી.પોલીસે આરોપી પાસેથી રૂ.૧૦૦ની કિંમતનો ૫ લીટર દેશી દારૂ કબ્જે કરી પુછપરછ હાથ ધરી

## સિનિયર સિટીઝનોનું ઘેરથી મતદાન શરૂ



ગુજરાતમાં આગામી ૭ મે ના રોજ યોજાનારી લોકસભાની ચૂંટણી પૂર્વે સિનિયર સિટીઝનો માટે ઘેરથી જ બેલેટ પેપર મારફત મતદાનની વ્યવસ્થા કરવામાં આવી છે. જેનો આજથી પ્રારંભ થયો હતો. રાજકોટના ૮૬ વર્ષીય સિનિયર સિટીઝન અરવિંદભાઈ સંઘવી ઘેરથી મતદાન કરતા નજરે પડે છે. તેમના નિવાસસ્થાને જ મતકુટિર ઉભી કરવામાં આવી હતી. અને વીડિયોગ્રાફી પણ કરવામાં આવી હતી. રાજકોટ લોકસભા વિસ્તારમાં ૧૩૦૦ જેટલા ૮૫ વર્ષથી વધુ વયના મતદારોએ બેલેટ પેપરથી પોતાના ઘરેથી જ મતદાન કરવા માટે સંમતિ ફોર્મ ભર્યું છે. રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં વિધાનસભા વિસ્તાર વાઇઝ આજથી આ મતદાનની પ્રક્રિયા શરૂ થઈ છે. જે ચાર દિવસ સુધી ચાલશે.

# તા.૨૮થી ત્રણ દિ’ચૂંટણી સ્ટાફની તાલીમ, પોસ્ટલ બેલેટથી કર્મચારીઓ મતદાન કરશે

■ **તા.૧ સુધીમાં તમામ કર્મચારીઓની તાલીમ પૂર્ણ કરી દેવા આદેશઃ જેલના કાચા કામના કેદીઓને પણ મતદાન માટે પોસ્ટલ બેલેટ મોકલાશે**

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ તા.૨૫: રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ મોટાભાગની તૈયારીઓ પરિપૂર્ણ કરી દેવામાં આવી છે. જેમાં હવે આગામી તા.૨૮થી ત્રણ દિવસ ચૂંટણી સ્ટાફને તાલીમ આપી સજ્જ કરી દેવામાં આવશે.

જીલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ આ અંગે જણાવ્યું હતું કે આગામી તા.૨૮થી ત્રણ દિવસ વિધાનસભા વિસ્તારવાઈઝ ચૂંટણી સ્ટાફને જરૂરી તાલીમ અને માર્ગદર્શન તજજ્ઞો દ્વારા પુરૂ પાડવામાં આવશે તેની સાથોસાથ સરકારી કર્મચારીઓ પોસ્ટલ બેલેટથી મતદાન કરશે.

આ માટેની જરૂરી વ્યવસ્થા કરી દેવામાં આવી છે. આ ઉપરાંત તા.૨૭થી ૩૦ દરમ્યાન એસઆરપી સહિતની કેમ્પ ઓફિસોમાં કર્મચારીઓ માટે પોસ્ટલ બેલેટથી મતદાનની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

અહીં એ ઉલેખનીય છે કે સરકારી કર્મચારીઓ માટે ચૂંટણી તાલીમ આગામી તા.૧ મે સુધીમાં પૂર્ણ કરી દેવા માટે ચૂંટણીપંચ દ્વારા આદેશ અપાયેલ છે.

જે અંતર્ગત રાજકોટ લોકસભા બેઠક વિસ્તારના તમામ શહેર જીલ્લામાં ચૂંટણી સ્ટાફને તાલીમ આપવા માટે તા.૨૮થી ત્રણ દિવસ ખાસ તાલીમ વર્ગો વિધાનસભા વિસ્તારવાઈઝ આયોજીત કરવામાં આવેલ છે.

જેમાં કર્મચારીઓ દ્વારા પોસ્ટલ બેલેટથી મતદાન પણ કરવામાં આવશે. કલેક્ટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ વિશેષમાં એવું પણ જણાવ્યું હતું કે જેલમાં રહેલા કાચા-પાકા કામના કેદીઓ મતદાન કરી શકે તે માટે તેઓને પોસ્ટલ બેલેટ જેલમાં મોકલવાની વ્યવસ્થા ચૂંટણીપંચની ગાઈડલાઈન મુજબ કરવામાં આવશે.

**મતદાન બાદ તા.૧૧મીએ સરકારી કર્મચારીઓના પોસ્ટલ બેલેટ એકત્ર કરાશે**

ચૂંટણીપંચ દ્વારા આ વખતે લોકસભાની ચૂંટણીમાં સૌ પ્રથમવાર પોસ્ટલ બેલેટ માટે એક્ષચેંજ મેળાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ એક્ષચેંજ મેળો ગત તા.૧૫ના અમદાવાદ ખાતે યોજાયા બાદ હવે આગામી તા.૨૭ના બેલેટ પેપરનો બીજો એક એક્ષચેંજ મેળો યોજાશે. તેમ કલેક્ટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું.

તેઓએ જણાવ્યું હતું કે અગાઉ સરકારી કર્મચારીઓના મતદાનના પોસ્ટલ બેલેટ પોસ્ટ મારફત મોકલાતા હતા પરંતુ આ વખતે સૌ પ્રથમવાર આ પ્રકારનો મેળો આયોજીત કરવામાં આવી રહ્યો છે. આ મેળા મારફતે અન્ય જીલ્લાના કર્મચારીઓ કે જેઓ ચૂંટણી ફરજ માટે રાજકોટ મુકાયેલ છે તેવા કર્મચારીઓના પોસ્ટલ બેલેટ રાજકોટ આવશે.

જ્યારે રાજકોટથી અન્ય સ્થાનો પર ફરજમાં મુકાયેલા કર્મચારીઓના બેલેટ અન્ય જીલ્લાઓમાં મોકલાશે. રાજકોટમાં અન્ય જીલ્લાના ૧૫ હજાર જેટલા કર્મચારીઓ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરશે. જ્યારે રાજકોટથી બહાર ફરજ માટે ગયેલા ૭૦૦૦થી વધુ કર્મચારીઓ તેમના ફરજના સ્થળે મતદાન કરશે. આ તમામ કર્મચારીઓના પોસ્ટલ બેલેટ મતદાન બાદ સૌથી છેલ્લે તા.૧૧ના એકત્રીત કરાશે.

**ચૂંટણી ખર્ચ રજૂ નહીં કરનાર અપક્ષ ઉમેદવાર ભાવેશ પીપળીયાને નોટીસ**

રાજકોટ લોકસભા બેઠક વિસ્તારના ઉમેદવારો માટે ગઈકાલે જીલ્લા કલેક્ટર કચેરી ખાતે ખર્ચની પ્રથમ બેઠક મળી હતી. જેમાં પ્રથમ તબક્કામાં ખર્ચના હિસાબો રજૂ નહીં કરનાર અપક્ષ ઉમેદવાર ભાવેશ પીપળીયાને નોટીસ આપવામાં આવી છે. તેઓ હવે તા.૨૯મીએ ખર્ચના હિસાબો રજૂ કરનાર છે. આ બેઠકમાં ભાજપ કોંગ્રેસ સહિતના આઠ ઉમેદવારોએ તેમના ખર્ચના હિસાબો ખર્ચ નિરીક્ષક સમક્ષ રજૂ કર્યા હતા. જેમાં ભાજપના પરસોતમ રૂપાલાએ રૂ.૫૬૫૪૨૩, કોંગ્રેસના પરેશ ધાનાણીએ રૂ.૧૮૪૦૦૮, તેમજ બસપા અને અન્ય અપક્ષ ઉમેદવારોએ તેમના પ્રથમ તબક્કાના ચૂંટણી ખર્ચના હિસાબો ખર્ચ નિરીક્ષકને આપેલ હતા.

# રાજકોટમાં કસ્ટડીયલ ડેથના બંને મૃતકોના વારસદારોને ૫૦-૫૦ લાખની સહાય ચુકવો

■ **મૃતક હમીરભાઇ ઉર્ફે ગોપાલભાઇ રાઠોડ અને રાજુભાઇ સોલંકીના પરિવારજનો તેમજ સમાજના આગેવાનોએ કલેક્ટર મારફત મુખ્યમંત્રીને રજૂઆત કરીઃ ૬ માંગો મુકાઇ**



રાજકોટ, તા.૨૫: રાજકોટના માલવીયાનગર પોલીસ મથકમાં માર માર્યા બાદ સારવારમાં બે યુવાનોના મોત થયા છે જે મામલે કલેક્ટર મારફત મુખ્યમંત્રીને રજુઆત કરી મૃતકોના વારસાદોરને ૫૦-૫૦ લાખની સહાય ચુકવવા માંગ કરાઇ છે.

તા.૧૪-૪-૨૫ થી તા.૧૬ સુધીના ૪૮ કલાકના માલવીયાનગર પોલીસ સ્ટેશનના તમામ સીસીટીવી ફૂટેજ એકઠા કરી તપાસ અધિકારીને આપવામાં આવે ૬ મહિનામાં ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવીને ફરિયાદીઓને ન્યાય આપીને કેસ પૂર્ણ કરવામાં આવે, બંને પીડિત પરિવારોને વળતર પેટે ૫૦-૫૦ લાખ રૂપિયા આપવામાં આવે, અનુસુચિત જાતિના લોકો દ્વારા રાજકોટના અલગ-અલગ પોલીસ સ્ટેશન તેમજ પોલીસ ચોકીમાં ફરિયાદો નોંધાવવામાં આવેલ હોય તે ફરિયાદોમાં એફઆઈઆર નોંધવામાં આવે તેમજ આજ દિન સુધી અરજીનો નિકાલ ન કરનાર જવાબદાર અધિકારીઓ સામે તપાસ કમીટીની રચના કરવામાં અને તાત્કાલીક કાર્યવાહી કરવામાં આવે તેવી અમારી માંગ છે અને એએસઆઇ આરોપી અશ્વિન કાનગડને તત્કાલ ડીસમીસ કરવામાં આવે તેવી માંગણી કરાઇ છે. નહીંતર ઉગ્ર આંદોલનની ચીમકી અપાઇ છે.

# જેતપુરમાં સરકારનાં આર.ટી.ઈનાં નિયમોનો ઉલાળિયો કરતી સ્કૂલ

■ **જેતપુરમાં શ્રી પ્રાણલાલ ચંગનલાલ ગોડા ઇંગ્લીશ સ્કૂલમાં આર.ટી.ઇ હેઠળ પ્રવેશ લીધેલા વિદ્યાર્થીઓ સાથે વ્હાલા દવલાની નીતિ રખાતી હોવાના વાલીઓના આક્ષેપ સાથે રોષ**



**(સામના મિરર, સંવાદદાતા)**

જેતપુર, તા. ૨૫ઃ જેતપુર શહેરનાં જુનાગઢ રોડ ઉપર આવેલ જી.કે.એન્ડ સી.કે કોલેજની અદર આવેલ.શ્રી પ્રાણલાલ ચંગનલાલ ગોડા ઇંગ્લીશ સ્કૂલના મેનેજમેન્ટ દ્વારા ગરીબ વાલીના બાળકો જે સરકાર નાં નિયમો મુજબ આર.ટી.ઇ હેઠળ ભણી રહેલા છે તેવા વિદ્યાર્થીઓનાં ભવિષ્ય સાથે ચેડાં કરવાનો કિસ્સો સામે આવતા સ્કૂલ સામે વિદ્યાર્થીઓના વાલીઓમાં રોષ વ્યાપ્યો છે.તેમજ સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા વ્હાલા દવલાની નીતિ રાખવામાં આવતી હોવાથી સ્કૂલ મેનેજમેન્ટ સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં તે માંગ સાથે જેતપુર શાસના અધિકારીને રોષપૂર્ણ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

બનવાની વિગત મુજબ આજે શહેરની કોલેજ જે જી.કે એન્ડ સી.કે કોલેજ અદર આવેલ શ્રી પ્રાણલાલ છગનલાલ ગોડા ઇંગ્લીશ સ્કૂલમાં સરકાર નાં નિયમો અનુસાર રાઈટ ટૂ એજ્યુકેશન એટલે કે છઝઊ કાયદા અંતર્ગત ગરીબ વિદ્યાર્થીઓને આ ખાનગી શાળામાં એડમિશન અપાય છે પરતું મેનેજમેન્ટ દ્વારા વિદ્યાર્થીઓ સાથે ભેદભાવ કરતા હોવાનું સામે આવતા આજે આવા વિદ્યાર્થીઓનાં વાલીઓ સ્કૂલ ઉપર પહોંચ્યા અને સ્કૂલ મેનેજમન્ટને રજૂઆત કરવામાં આવી હતી પરતું સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા કોઈ પણ પ્રકારના પ્રત્યુતર ના આપતા હોય જેથી વાલીઓમાં રોષ ફેલાયો હતો આથી ગરીબ વિદ્યાર્થીઓના વાલીઓએ જેતપુર શાસનના અધિકારીને આવેદનપત્ર પત્ર આપી સ્કૂલના મેનેજમેન્ટ સામે કાર્યવાહીની માંગ કરી હતી

વાલીઓએ આક્ષેપ કરતા કહ્યું કે આ સ્કુલ મેનેજમેન્ટ અને સ્કૂલના સ્ટાફ વિદ્યાર્થીઓ સાથે ઓરમાયું વર્તન કરતા હોવાનું સામે આવ્યું છે જેમાં આર.ટી.ઇ નીચે ભણતા ગરીબ વાલીઓના બાળકોને સ્કૂલમાં નોખા ક્લાસ રૂમ માં બેસાડવામાં આવી રહ્યા છે. તેમજ સ્કૂલમાં ફી ભરતા વિદ્યાર્થીઓને ટેબ્લેટમાં સ્માર્ટ અભ્યાસ આપવામાં આવી રહ્યો છે જ્યારે આર.ટી.ઇમાં લીધેલ ગરીબ વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો પણ અલગ આપવામાં આવતા હોઈ જેથી આ વિદ્યાર્થીઓને શિક્ષામાં પણ ભેદભાવ રાખવામાં આવી રહ્યું છે.જેથી વિદ્યાર્થીઓ નાં વાલીઓમાં રોષની લાગણી વ્યાપી છે.

વધુમાં આ સ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓનાં વાલીઓના કહેવા મુજબ આ સ્કૂલમાં આર.ટી.ઇ માં અભ્યાસ કરતા બાળકો સાથે ભેદભાવ અને ઓરમાયું વર્તન કરવા માં આવી રહ્યું છે સ્કૂલમાં નોખા ક્લાસ રૂમ માં બેસાડવામાં આવી રહ્યા છે તેમજ આ સ્કૂલના મેનેજમન્ટનાં કહેવા પ્રમાણે જે પાઠ્યપુસ્તકો છે તે અલગ આપવામાં આવે છે ઉપરાંત ગરીબ વિદ્યાર્થીઓ સાથે શિક્ષામાં ભેદભાવ રાખવામાં આવી રહ્યો છે ઉપરાંત વાલીઓએ આક્ષેપ કરતા કહ્યું કે સ્કૂલ મેનેજમન્ટ કહી રહ્યું છે કે આ સ્કૂલમાં છઝઊ માં ભણતા ગરીબ વિદ્યાર્થીઓઓમાં માનસિક પ્રતિભાઓમાં નીપૂર્ણતા ના આ હોઈ તેમજ જ્યારે ફ્રી ભરતા જે વિદ્યાર્થીઓ તેમાં પ્રતિભાઓમાં નિપુણતા હોઈ છે જેથી વ્હલા દવલાની નીતિ રાખી રહ્યા હોઈ તેવું કહી રહ્યા છે.વાલીઓની માંગ છે કે ગરીબ વિદ્યાર્થીઓના બાળકોને સમાંતર શિક્ષણ આપવામાં આવે.

વાલીઓએ સ્કૂલ મેનેજમેન્ટ ઉપર રોષ ઠાલવતા કહ્યું કે જો સરકાર નાં નિયમો મુજબ આર.ટી.ઇ પ્રવેશ લીધેલ હોઈ તેમ છતાં જો હજુ પણ ઓરમાયું વર્તન રાખવામાં આવી રહ્યું છે તો જો ભેદભાવ નીતિ સામે કોઈ કાર્યવાહી કે નિરાકરણ કરવામાં નહીં આવે તો આર.ટી.ઇ માં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓનાં વાલીઓએ સામુહિક રીતે ઉચ્ચ અધિકારીઓ તેમજ કોર્ટ સુધી ગર્ભિત ચીમકી શાસના અધિકારી સામે ઉચ્ચારવામાં આવી છે.

# ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા પાલિતાણામાં ૧૧ ચેકડેમો બનાવાયા

**(સામના મિરર, સંવાદદાતા)**

રાજકોટ, તા.૨૫ઃ સૌરાષ્ટ્રમાં અલગ-અલગ જીલ્લામાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૪૫થી વધુ ચેકડેમ રિપેરિંગ ઉંડા અને ઉંચા કરવા તેમજ નવા બનાવેલ છે.જેનાથી વરસાદી પાણી વિશાળ જથ્થામાં રોકાયલ છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્રમાં ૧૧,૧૧૧ ચેકડેમો તૈયાર કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. સિહોર તાલુકાના પાલીતાણાની બાજુમાં ટોડી ગામમાં ધમપાલી વીપશ્યના ધ્યાન કેન્દ્ર છે તે કેન્દ્ર જેવા ઘણા વિપશ્યના સંચાલક રાજુભાઈ મહેતા જે



હાલ રાજકોટના રહેવાસી (ભાભા હોટેલ) અને બોમ્બેના સાધક દાતા દુર્ગેશભાઈ શાહના આર્થિક સહયોગથી ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા આ વર્ષે ૧૧ ચેકડેમનું કાર્ય પૂર્ણ કર્યું. જેમાં ૪ ચેકડેમ નવા અને ૭ ચેકડેમ રીપેરીંગ અને ઉંચા કરેલ છે.તેમજ ગયા વર્ષે ચેકડેમ બનાવેલ હતાં. હાલ તેને ઉંડા કરવાનું કામ ચાલુ છે. જેનાથી ખેડૂતોને ખેતીમાં શિયાળુ પાકમાં ખેત ઉત્પાદનમાં ખુબ મોટો આર્થિક ફાયદો થયો છે. આ કર્યે ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા, પ્રકૃતિ પ્રેમી દિનેશભાઈ પટેલ, જમનભાઈ ડેકોર, ટોડી ગામના આગેવાનો ગોહિલ વેલુભા ભરતસિંહ ગામના સરપંત ભુપેન્દ્રસિંહ કિરીટભાઈ ઘણા ખેડૂતોનો સહયોગ રહ્યો હતો.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# પ્રતિબંધિત પ્લાસ્ટિક વાપરતા વધુ ૬૦ વેપારીઓ પકડાયા

રાજકોટ, તા.૨૫ઃ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ ત્રણેય ઝોનમાંથી કુલ ૬૦ આસામીઓ પાસેથી ૪.૯૨૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૬૫૦૦ /-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૨ આસામીઓ પાસેથી ૧.૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૫૭૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.



વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૧ આસામીઓ પાસેથી ૨.૪ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૬૪૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૭ આસામીઓ પાસેથી ૧.૦૨૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૪૩૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપ્નિલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્પેસ્ કટર/ સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.

# રાજુલામાં ભાજપ પરિવાર દ્વારા વિકાસના ગરબાનુ આયોજન કરાયું

રાજુલા, તા. ૨૫ઃ રાજુલા શહેરમાં વિકાસના ગરબાનુ આયોજન કરવામા આવ્યું હતું. જેમા આયોજન રાજુલાના ઈન્ચાર્જ જયરાજભાઈ ધાખડા દ્વારા સુંદર આયોજન કરાયું.

રાજુલા શહેરના હોસ્પિટલ ચોક, પોલીસ સ્ટેશન નજીક, હવેલીચોક, હોળીયા હનુમાન ચોક, ખોડીયારનગર, મુકેશભાઈ પરમાર, દુર્લભનગર, બ્રહ્મેશ્વર મંદિર પાસે વિકાસ ગરબાનું આયોજન કરવામા આવેલ. આ તકે ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખ મનીષભાઈ વાળા,



રીપોર્ટરઃ ધર્મેશ મહેતા-રાજુલા

ભાજપના આગેવાનો રવુભાઈ ખુમાણ, સંજયભાઈ ધાખડા, વનરાજભાઈ વરુ, દિલીપભાઈ વોરા, કિશોરભાઈ રેણુકા, મહેશભાઈ ટાંક, અક્ષયભાઈ ધાખડા, કાનાદાદા પંડ્યા, જયરાજભાઈ ખુમાણ, અજયભાઈ ગોહિલ, કૈલેશભાઈ શિયાળ, મનીષભાઈ વાઘેલા, ચિંતનભાઈ જોશી, મહેશભાઈ વરૂ, ઘનશ્યામભાઈ મુશરૂ, રાજેન્દ્રભાઈ ધાખડા, જયદીપભાઈ કોટીલા, મિતભાઈ શાહ સહિત આગેવાનો જોડાયને જહેમત ઉઠાવી હતી.

# વેરાવળના ઉમરેઠીના શખ્સને ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સજા

વેરાવળ, તા. ૨૫ઃ વેરાવળના ઉમરેઠી ગામે રહેતા કોન્ટ્રાકટરને એનીમલ હેલ્થ સેન્ટર બનાવવાનું કામ મળેલ જેમાં ફેબીકેશનનું કામ આજોઠા ગામના વ્યકિતને આપેલ હોય જે કામની બાકી રહેતી રકમ રૂ.૧૪.૮૪ લાખના બે ચેકો આપેલ જે બેંકમાંથી રીર્ટન થતા કોર્ટ દ્વારા એક વર્ષની સાદી કેદની સજા તથા બન્ને કેસની પુરી રકમ ફરીયાદીને વળતર તરીકે દિન ૩૦ માં ચુકવવા હુકમ કરેલ છે.

આ કેસની વિગતો આપતા એડવોકેટ પ્રવિણચંદ્ર ડાંગોદરાએ જણાવેલ કે, ઉમરેઠી ગામનાં રહીશ ગોવિંદભાઈ બારડને ગીર પશ્ચિમ વન વિભાગ જુનાગઢ દ્વારા સીમાર એનીમલ હેલ્થ સેન્ટર બનાવવાનું કામ મળેલ હોય જેમાં ફેબીકેશનનું કામ મહેશભાઈ ભીમજીયાણી રહે.આજોઠાને ગોંવિદભાઈએ રૂ.૨૭,૮૪,૫૦૦ પુરામાં પેટા કોન્ટ્રાકટથી આપેલ હતુ. જેમાં રૂ.૧૩ લાખ ગોંવિદભાઈએ રોકડા ચુકવી દીધેલ અને બાકીનાં પૈસા કામ પુર્ણ થયે ચુકવવાનાં હતા. આ કામ પુર્ણ થતા ગોવિંદભાઈ બારડે બાકીની રકમ રૂ.૧૪.૮૪ લાખના બે ચેકો આપેલ હતા. જે બન્ને ચેકો બેંકમાં રજુ કરતા રીર્ટન થયેલ હતા.

જેથી મહેશભાઈએ એડવોકેટ પી.એમ.ડાંગોદરા મારફત આરોપીને ડીમાન્ડ નોટીસ મોકલેલ તેમ છતાં આરોપીએ નાણા આપેલ નહી.

વેરાવળનાં મહે.ચિફ જયુડી.મેજી.ની કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલી જે કેસની ટ્રાયલ ચાલી જતા મહે.ચિફ.જયુડી. મેજી. એ.એ.ઝુંઝાએ આરોપી ગોંવિદભાઈબે બન્ને કેસોમાં તકસીરવાન ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા તથા બન્ને કેસનાં મળી કુલ રૂ.૧૪,૮૪,૫૦૦ પુરા ફરીયાદીને વળતર તરીકે ૩૦ દિવસમાં ચુકવવા હુકમ કરેલ અને જો વળતરની રકમ આરોપી ન ચુકવે તો વધુ ૩૦-દિવસની સજાનો હુકમ કરેલ છે. આ કામે ફરીયાદીના વકીલ તરીકે પ્રવિણચંદ્ર ડાંગોદરા, દિલીપ વ્યાસ તથા ધર્મેન્દ્ર (ધવલ) ચાવડા રોકાયેલા હોવાનું જણાવેલ છે.

# રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ આયોજિત સ્નેહમિલન કાર્યક્રમમાં ભાર્ગવ બોરિસાગરને શ્રદ્ધાંજલિ અર્પતા પરષોત્તમ રૂપાલા

રાજકોટ, તા. ૨૫ઃ જાણવા મળતી વિગતો મુજબ ગઈ કાલે પૂર્વ આયોજિત હરિ ઓમ ચેરીટેબલ ટ્રસ્ટ આયોજિત રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સ્નેહ મિલન સમારંભમાં ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી આગેવાનો ઉપસ્થિત રહેવાના હોઈ આ કાર્યક્રમમાં પરસોતમ રૂપાલા પણ હાજરી આપવાના હોઈને રૂપાલા સાહેબનું સન્માન પણ ગોઠવેલ હોઈ સાંજના ૬ વાગ્યા ના આ કાર્યક્રમમાં રૂપાલા સાહેબ હાજરી આપે એ અગાવ બપોરના સમયે આજ રાજગોર બ્રાહ્મણ સમાજના આશાસ્પદ યુવાનને રાજકોટ રૂરલ પોલીસ માં ફરજ બજાવતા ભાર્ગવ બોરીસાગર ઉ.વ.૨૬નું મવડી હેડક્વાર્ટર ખાતે અવસાન થતાં આયોજક ટ્રસ્ટીઓ શોકાતુર હતા એ સમયે પરસોતમ




ભાઈ રૂપાલા સાહેબને આ ઘટના અંગેની ખબર પડતાં તેવો એ પહેલાં કાર્યક્રમ રદ રાખવાનું જણાવેલ ત્યારે આયોજકો એ ટૂંકો કાર્યક્રમ કરી લેવાનો આગ્રહ કરતા બાદમાં તેવો ને વિચાર આવેલ કે કાર્યક્રમમાં હાજરી આપીશ પણ કાર્યક્રમ માત્રને માત્ર આ યુવાન ને શ્રદ્ધાંજલિ માટે નહીં કોઈ રાજકીય ઉદ્દેશ. જેથી નિયત સમયે રૂપાલા સાહેબ કાર્યક્રમ સ્થળ પર હાજર રહી કોઈ સમિયા ફૂલ હાર સન્માન ભેટ કોઈ પણ જાતના માન સન્માન વગર એકદમ સાદગી ભર્યું કાર્યક્રમ બનાવી દીધેલ ને કોઈ ભાશનબાજી વગર માત્રને માત્ર આ સદ યુવાન માટે મૌન પાળી તેમના આત્માને શાંતિ મળે તેવી ઈશ્વર ને ઉપસ્થિ સવકોઈ એ પ્રાર્થના કરેલ પરસોતમ ભાઈ રૂપાલા સાહેબના આ કાર્યની લોકો માં પ્રશંસા થઈ રહી છે મોટે ભાગે રાજકીય લોકો સ્મશાન પર જઈ ને પણ રાજકીય પ્રચાર કરતા હોય છે ત્યારે આજે રૂપાલા સાહેબે એક બ્રાહ્મણ યુવાન પોલીસ અધિકારી ને પુરા સન્માન થી શ્રદ્ધાંજલિ અર્પેલ આજ ના કાર્યક્રમમાં રામ ભાઈ મોકરિયા તથા ધારાસભ્ય શ્રી રમેશ

# વેરાવળ સિવિલ હોસ્પિટલના તબીબ નશો કરેલી હાલતમાં ઝડપાતા ચકચાર

- સીવીલના તબીબ સામે પોલીસમાં ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી

**(સામના મિરર, સંવાદદાતા)**

વેરાવળ, તા. ૨૫ઃ આજરોજ વિશ્વ મેલેરિયા દિવસના અવસરે યોજાયેલ સાયકલ રેલીમાં જોડાયા બાદ જીલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા અચાનક વેરાવળમાં કાર્યરત જીલ્લા કક્ષાની સિવિલ હોસ્પિટલની આકસ્મીક મુલાકાત લીધેલ ત્યારે એક તબીબ નશો કરેલી હાલતમાં મળી આવતા તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની સુચના આપતા પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આજે સવારે કલેક્ટરએ સિવિલ હોસ્પિટલએ પહોંચી દરેક વિભાગો અને વોર્ડની મુલાકાત લેતા અમુક અસુવિધાઓ જાણવા મળી હતી. જે અંગે સિવિલના અધિકારી વર્ગને જરૂરી સૂચનાઓ આપતા કહેલ કે, હોસ્પીટલમાં રાઉન્ડ ધ કલોક સિક્યૂરીટી રાખવા, હોસ્પિટલમાં


તસવીરઃ રવિ ખખ્ખર, ગીર સોમનાથ

અનધિકૃત લોકો ન આવે અને બહારના વાહનો પાર્ક ન થાય, કંપાઉન્ડની બહારના ભાગે થયેલ દબાણ દુર કરવા, કેમ્પસમાં સંપૂર્ણ સ્વચ્છતા જળવાય તે માટે કોઈપણ પાન-માવા અને બીડીનો ઉપયોગ કરે તો તેની પાસેથી દંડ વસુલવા જેવી સુચનાઓ આપી દર્દીઓને કોઇ અગવડતા ન પડે તેનું ખાસ ધ્યાન રાખવા જણાવ્યું હતુ.

કલેકટર અંતમાં જ્યારે સીવીલના સ્ટાફનો પરિચય લઈ તેઓની કામગીરીની જાણકારી મેળવી રહ્યા હતા. ત્યારે સિવિલના ગાયનેકોલોજિસ્ટ તબીબ ડો.એ.બી.સોંદરવા બરાબર જવાબ આપી શક્યા ન હતા જેથી તેઓએ કેફી પીણું પીધું હોય તેવી શંકા જણાઈ હોવાથી તુરંત પોલીસને બોલાવી તેમનો બ્લડ ટેસ્ટ લેવાની સૂચના આપી હતી. જેના પ્રાથમિક રીપોર્ટમાં તબીબે નશો કરેલ હોવાનું જણાતા કલેકટર સાહેબની સુચનાથી આર.એમ.ઓ. પી.બી. નારીયાએ વેરાવળ સિટી પોલીસમાં ફરીયાદ નોંધાવતા ડો.એ.બી. સોંદરવાને હિરાસતમાં લઈને પીએસઆઈ ભારતીબેન રાઠોડે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટ રેલવે ડિવિઝને નવો રેકોર્ડ સ્થાપ્યોઃ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૨૨૭૮ કરોડની આવક રહી

**એક વર્ષમાં ડિવિઝનમાંથી દોડતી ટ્રેનોમાં ૧.૦૫ કરોડ લોકોએ મુસાફરી માણીઃ નૂર પરિવહનમાં વધુ આવક**


રાજકોટ, તા.૨૫ઃ પશ્ચિમ રેલવેનું રાજકોટ ડિવિઝન ભારતીય રેલવે માટે કમાણીની દ્રષ્ટિએ સતત ફાયદાકારક સાબિત થઈ રહ્યું છે. રાજકોટ ડીવીઝનલ રેલવે મેનેજર શ્રી અશ્વનીકુમારે જણાવ્યું હતું કે દર વર્ષની જેમ આ વખતે પણ ડીવીઝન દ્વારા નૂર પરિવહનમાંથી સૌથી વધુ આવક મેળવીને નવો રેકોર્ડ સ્થાપ્યો છે અને સર્વાંગી વિકાસની દિશામાં ઝંડો લહેરાવ્યો છે.

રાજકોટ ડિવિઝને વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠ દેખાવ કર્યો છે અને ૨૨૭૬.૪૪ કરોડ રૂપિયાની નોંધપાત્ર વાર્ષિક આવક મેળવી છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની ૨૦૪૫.૬૦ કરોડની વાર્ષિક આવક કરતાં ૧૧.૨૮% એટલે કે ૨૩૦ કરોડ રૂ વધુ છે. આ ૨૨૭૬.૪૪ કરોડની આ આવકમાંથી મહત્તમ રૂ. ૧૮૭૧.૧૨ કરોડની આવક નૂર ભાડા થી, રૂ. ૩૭૪.૧૨ કરોડ પેસેંજર આવક થી અને રૂ. ૩૧.૨૦ કરોડની આવક પાર્સલ સહિત અન્ય સ્ત્રોતોમાંથી પ્રાપ્ત થઈ છે.

રાજકોટ ડિવિઝને ૨૦૨૩-૨૪માં નૂર પરિવહનમાંથી રૂ. ૧૮૭૧.૧૨ કરોડની આવક હાંસલ કરી છે જે ગયા વર્ષે ની રૂ. ૧૬૯૦.૩૦ કરોડની સરખામણીએ ૧૦.૭૦% એટલે કે રૂ. ૧૮૦.૮૨ કરોડ વધુ છે. પેસેંજર આવક માં થી ૨૦૨૩-૨૪માં રૂ. ૩૭૪.૧૨ કરોડની આવક પ્રાપ્ત થઈ છે, જે ગયા વર્ષ ની રૂ. ૩૨૧.૯૯ કરોડની સરખામણીએ ૧૬.૨૦% એટલે કે રૂ. ૫૨.૧૩ કરોડ વધુ છે. આ વર્ષે રાજકોટ ડિવિઝનમાંથી ૧.૦૫ કરોડ લોકોએ મુસાફરી કરી છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.26/4/2024 | FRIDAY


# રાજ્યની ૨૫ લોકસભા બેઠક પર આજથી ૧૨ દિવસ જાહેર પ્રચારનો માહોલ જામશે



- **હવે પ્રચારનો રંગ જામશે : મોદી – અમિત શાહ – પ્રિયંકાની ગુજરાતમાં સભા – રોડ શો**
- **વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૧–૨ના બે દિવસ ગુજરાતમાં પ્રચાર કરશેઃ તા.૨ના સૌરાષ્ટ્રમાં જુનાગઢ અને સુરેન્દ્રનગરમાં રેલીની તૈયારી**
- **અમીત શાહ કાલે ઉપરાંત તા.૨૭ ગુજરાતમાંઃ જામકંડોરણામાં શનિવારે મનસુખ માંડવીયાના સમર્થનમાં જબરી સભાનું આયોજન**

રાજકોટ, તા. ૨૪ઃ લોકસભા ચુંટણીના ત્રીજા તબકકાના તા.૭ મે ના રોજ યોજાનારા મતદાન માટે ગુજરાતમાં ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થતા જ હવે પ્રચારનો રંગ જામશે અને રાજ્યમાં આ ચુંટણીમાં ભાજપ વિરુદ્ધ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના મુકાબલામાં જે રીતે ક્ષત્રિય સમાજે મોરચો માંડયો છે તેથી સૌરાષ્ટ્ર ઉપરાંત ગુજરાતની અનેક બેઠકો પર પણ રસપ્રદ સમીકરણો બનશે.

તે સાથે રાજ્યની પાંચ ધારાસભા બેઠકો પર પણ કોંગ્રેસમાંથી કેસરીયા કરનાર પુર્વ ધારાસભ્યો હવે 'કમળ' ના નિશાન પર ચુંટણી લડી રહ્યા છે અને તેમાં પણ જે રીતે ભાજપમાં ભરતીમેળા સહિતના મુદ્દે અસંતોષ છે તે ફેકટર કેટલું અસર કરે છે તે જોવું મહત્વનું બની જશે. પ્રારંભમાં બે બેઠકોના ઉમેદવાર બદલવા પડયા અને અનેક બેઠકો પર જાહેર થયેલા ઉમેદવારો સામે સ્થાનિક વિરોધ થયો તે બાદ પક્ષમાં આંતરિક રીતે ઘણું ગ્રાઉન્ડ કવર કરી લીધુ છે.

જો કે ક્ષત્રિય સમાજના આંદોલનમાં કેટલું ડેમેજ થશે અને કેટલું કંટ્રોલ થઈ શકશે તે અંગે હજું ખુદ ભાજપ જ દ્વીધામાં છે તે વચ્ચે હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે તેમના હોમ સેટ પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે અને ભાજપના અન્ય સ્ટાર પ્રચારકો પણ હવે ગુજરાતમાં ચુંટણીસભામાં ગજવશે.

તો બીજી તરફ કોંગ્રેસ પક્ષનો મુખ્યત્વે તેના ઉમેદવારોના જોરે જ ચુંટણી લડે છે અને ચાર-પાંચ બેઠકો પર સ્થાનિક લોકપ્રિયતાના કારણે ભાજપ સામે પડકાર સર્જી રહ્યા છે તેમાં તેઓને રાજ્ય કે કેન્દ્રીય મોવડી કક્ષાનો સપોર્ટ પણ નહીવત છે અને કોંગ્રેસના સ્ટાર પ્રચારક સોનિયા-રાહુલ ગુજરાતમાં ચુંટણી પ્રચારમાં આવશે કે કેમ તે પણ પ્રશ્ન છે પરંતુ પ્રિયંકા ગાંધી તા.૨૭ના રોજ ગુજરાત અને દીવ-દમણ-દાદરાનગર હવેલી પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છે.

તા.૨૭ના તેઓ વલસાડ બેઠક પર ચુંટણી લડી રહેલા કોંગ્રેસના મજબૂત ગણાતા ઉમેદવાર અનંત પટેલ માટે ધરમપુર ખાતે એક જબરી સભાને સંબોધન કરશે અને આ માટે તૈયારીઓ થઈ રહી છે. આ ઉપરાંત પ્રિયંકાના અન્ય કાર્યક્રમો પણ ગોઠવવાની તૈયારી છે. બીજી તરફ બે બેઠક લડી રહેલા આમ આદમી પાર્ટીને તેના એકમાત્ર સ્ટાર પ્રચારક અરવિંદ કેજરીવાલની ખોટ પડશે જેઓ હાલ જેલમાં છે.

જો કે પંજાબના મુખ્યમંત્રી શ્રી ભગવંત માન ભાવનગર અને ભરૂચમાં પક્ષના ઉમેદવાર માટે રોડ-શો રેલી સભા કરી ગયા અને તે રીતે જુવાળ સર્જવા પ્રયત્ન કર્યા છે અને છતા પણ 'આપ' એ પણ મોટાભાગે તેના ઉમેદવારની તાકાત પર જ ચુંટણી લડે છે.

દિલ્હી અને ગાંધીનગર બન્ને સતાના કેન્દ્રો પરથી ભરપુર મદદ સાથે રાજ્યભરના ભાજપના ઉમેદવારો ચુંટણી લડી રહ્યા છે અને હવે છેલ્લા ૧૨ દિવસના પ્રચારમાં (તા.૫ના સાંજથી પડઘમ શાંત થશે) વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૧ અને ૨ મે ના રોજ ગુજરાતમાં પ્રચારમાં આવી રહ્યા છે અને બાદમાં તેઓ તા.૭ના મતદાન માટે અમદાવાદ આવશે તે પણ ભાજપ માટે એક મહત્વનો પ્રચાર બની જશે.

મોદી ગુજરાતના સ્થાપના દિને જ આવી રહ્યા છે અને તા.૧-૨ મેના પ્રવાસમાં સૌરાષ્ટ્ર તથા ગુજરાતમાં છ રેલીઓને સંબોધન કરશે તથા વડોદરા જયાં ભાજપને ઉમેદવાર બદલવા પડયા હતા તે મહાનગરની સંસદીય બેઠક પર રોડ શો કરશે. વડાપ્રધાન મોદી ૨૦૧૪માં વડોદરાની બેઠક પરથી તેમની પ્રથમ લોકસભા ચૂંટણી લડયા હતા અને આ મહાનગર સાથે તેમનો જબરો લગાવ છે.

તા.૧ મેના રોજ મોદી બનાસકાંઠા, આણંદમાં પણ સભાઓને સંબોધીત કરશે. આ બેઠકો પર ઉમેદવાર સામે અસંતોષ ઉપરાંત કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો મજબૂત છે તેથી વડાપ્રધાને તે ક્ષેત્રમાં વધુ ધ્યાન આપવાનું નકકી કર્યુ છે. તા.૨ના રોજ વડાપ્રધાન સૌરાષ્ટ્રમાં જુનાગઢ અને સુરેન્દ્રનગરમાં સભાને સંબોધે તેવો કાર્યક્રમ તૈયાર થઈ રહ્યો છે. આ ઉપરાંત ભરૂચ અને સાબરકાંઠામાં પણ તેઓ સભાને સંબોધશે.

આમ બે દિવસ તેઓ ગુજરાતમાં ભાજપનો પ્રચાર કરશે. બાદમાં તેઓ તા.૭ના રોજ સીધા મતદાન કરવા જ ગુજરાત આવે તેવા સંકેત છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ આવતીકાલે તા.૨૫ના ગુજરાત આવી રહ્યા છે અને તા.૨૭ના રોજ સૌરાષ્ટ્રમાં કેન્દ્રીયમંત્રી મનસુખ માંડવીયા જે પોરબંદર લોકસભા બેઠક લડી રહ્યા છે તેમને માટે પ્રચારમાં જામકંડોરણામાં જબરી સભાને સંબોધશે.

આ વિસ્તારમાં ખેડુત મતદારો વધુ છે અને પોરબંદર ઉપરાંત જામકંડોરણા અને રાજકોટ લોકસભા બેઠક પર ત્યાં પ્રચારની અસર થશે. ઉપરાંત તેઓ ઉ.ગુજરાતમાં બારડોલીમાં સભા સંબોધશે. ભાજપે જયાં ક્ષત્રિય આંદોલનની અસર છે અને જયાં ઉમેદવાર બદલવા પડયા અને આંતરિક અસંતોષ છે તે મતવિસ્તારોમાં વધુ ધ્યાન આપવાનો નિર્ણય લીધો છે.

જો કે રાજ્યની સુરત બેઠક બિનહરીફ જીત્યા પુર્વે અનેક બેઠક પર ભાજપે નાના-મોટા ઈશ્યુઓ જેમાં પક્ષમાં આંતરિક અસંતોષ મુખ્યત્વે હતો તેને લગભગ કવર કરી લીધો છે પણ હજું ક્ષત્રિય આંદોલન અંગે પક્ષ કોઈ આખરી વ્યુહ બનાવી શકયો નથી.


નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...



## તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ** પર

**Hi લખીને મોકલો**

# 98983 17826



**અને જોડાઇ જાવ અમારી સાથે...**

AM TRADING

*લાઈફ ટાઈમ ડિમેટ એકાઉન્ટ ફ્રી

ફ્રી એડવાઈઝરી

EQUITY STOCK

IPO/SME IPO

OPTION TRADING

NIFTY BANK NIFTY

COMODITY

CURRANCY

દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.

Mayuri Medam : 63555 17630

AM trading am_trading71

- 200 sq ft with attached toilet and wash basin 2 nd floor Shop no 24 Road side view
- Atlantis hills Near Ramdevpir chowkdi
- Rent 10000 Advance 2 deposit lift and general toilet available
- 11 months agreement compulsory

Contact- 9725078721

મધુવન કોચિંગ ક્લાસીસ સંભાળી શકે તેવા સ્ટાફની જરૂરીયાત છે.

રૂબરૂ મળવાનો સમય સોમવારથી મંગળવાર સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૪ થી ૬


ધોરણ ૧૦-૧૨ બાદ યુપીએસસી અને જીપીએસસીના કોચિંગ ક્લાસ સંભાળી શકે તેવાં ઉત્સવાહસ કોચની જરૂર છે. આકર્ષિક પગાર

Mo.80000 11119

ADDRESS: B,210 AALP, LIMDA CHOK RAJKOT

નાગેશ્વરમાં કસમાં પ્લોટ વેચવાનો છે પાણીના સંપની પાછળ 490 વાર 25000 ભાવ

Mo.9898317826


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062